ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 12 • Dt.12-08-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

12 AUGUST- 2025 TUESDAY



P.07

કાજોલ રાજ કપૂર ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરતી વખતે ભાવુક થઇ



P.07

પ્રિયંકા ચોપરાની એક ક્રિપ્ટિક પોસ્ટ જોઇને ચાહકો આશ્ચર્યમાં

ભારત માટે એરસ્પેસ બંધ કરી પાકિસ્તાન પોતાનું જ નુકસાન કરી બેઠું



07



07

૯૦ દેશો ઉપર ટેરિફ ઝિંકનાર ટ્રમ્પ તાનાશાહથી ગભરાયા? હજુ સુધી ઉત્તર કોરિયાનું નામેય ન લીધું

**વીમાની રકમ તો ચૂકવવી જ પડશે : હાઇકોર્ટ**

## ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૭-૧૮ના ખરીફ પાકના નુકસાન અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો

# ગુજરાતના ૧૫ હજાર ખેડૂતોને રાહત આપતી ગુજરાત હાઇકોર્ટ

**છ વર્ષની લાંબી કાનૂની લડાઈ બાદ, ગુજરાતના ખેડૂતોને આખરે મોટી રાહત મળી । આ કેસમાં, સરકારે એક સમિતિની રચના કરી હતી, જેણે ખેડૂતોને થયેલા નુકસાનની તપાસ કરી હતી**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૦ ।

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૭-૧૮ના ખરીફ પાકના નુકસાન અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે એસબીઆઈ વીમા કંપનીને ૧૫,૦૦૦ પાત્ર ખેડૂતોને પાક વીમાની રકમ ૮% વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ કુલ રકમ સાત કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. આમ છ વર્ષની લાંબી કાનૂની લડાઈ બાદ, ગુજરાતના ખેડૂતોને આખરે મોટી રાહત મળી છે.આ કેસમાં, સરકારે એક સમિતિની રચના કરી હતી, જેણે ખેડૂતોને થયેલા નુકસાનની તપાસ કરી હતી. સમિતિના અહેવાલમાં ખેડૂતોને વળતર આપવાની ભલામણ કરવામાં આવી હતી.

હાઈકોર્ટે આ અહેવાલ સ્વીકાર્યો અને વીમા કંપનીના વાંધાઓને ફગાવી દીધા.વીમા કંપનીએ દાવો કર્યો હતો કે સરકાર સાથેના કરાર મુજબ, તે આ ચુકવણી માટે જવાબદાર નથી. જોકે, હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે વીમા કંપની અને સરકાર વચ્ચેના કરારથી ખેડૂતોને કોઈ નુકસાન ન થવું જોઈએ. કોર્ટે કહ્યું કે ખેડૂતોએ સમયસર પ્રીમિયમ ચૂકવ્યું છે અને તેમને વીમાનો લાભ મળવો જોઈએ.આ નિર્ણય સાથે, વ્યક્તિગત દાવા દાખલ કરવાનો વિકલ્પ પણ ખુલ્યો છે જેમણે વ્યક્તિગત રીતે દાવા દાખલ કર્યા હતા. આ નિર્ણયથી રાજ્યના હજારો ખેડૂતોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે અને આશા છે કે ભવિષ્યમાં ખેડૂતોને આવા કેસોમાં ઝડપી ન્યાય મળશે.



સુનાવણીમાં, ગુજરાત હાઈકોર્ટે જુલાઈ ૨૦૨૩ થી પાત્ર ખેડૂતોને બેંક વ્યાજ સહિત વીમા સહાય ચૂકવવાનો આદેશ આપ્યો છે. અગાઉ, ૭ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ એસસીએ/૧૯૩૯૦/૨૦૧૮ માં, ખેડૂતોને ત્રણ મહિનામાં વીમા ચુકવણી પ્રક્રિયા પૂર્ણ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે એમ પણ કહ્યું હતું કે જે ખેડૂતોના નામ સરકાર દ્વારા રજૂ કરાયેલા ૧૧ જુલાઈ, ૨૦૨૩ ના અહેવાલમાં નથી તેઓ સક્ષમ અધિકારી સમક્ષ હાજર થઈ શકશે.

**૮૦ પરિજનોએ લડત આપવા કરેલી અરજી પર વકીલે ઘટના સ્થળની મુલાકાત કરી**

# અમેરિકન વકીલે લીધી અમદાવાદ પ્લેન દુર્ઘટના સ્થળની મુલાકાત । હવે આગળ કાર્યવાહી કરશે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૧ ।

અમદાવાદમાં સર્જાયેલ પ્લેન ક્રેશનો મામલમાં પીડિત પરિવારોએ અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝની વકીલ તરીકે નિમણૂં કરી છે. ત્યારે લંડનના વકીલે પ્લેન ક્રેશ સ્થળની મુલાકાત લીધી હતી. ૮૦ પરિજનોએ લડત આપવા કરેલી અરજી પર વકીલે ઘટના સ્થળની મુલાકાત કરી. તેઓ ૫ રિજનો સાથે મળી હવાઈ કંપની સામે લડત આપશે. વકીલ માઈક એન્ડ્રેવસે સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું. અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝ સુરત અને દીવ બાદ અમદાવાદ પહોંચ્યા છે. તેઓ આજથી ૧૩ ઓગસ્ટ સુધી વકીલ અમદાવાદની હયાત હોટેલમાં રોકાશે. તેઓ ૧૫ ઓગસ્ટ અમેરિકા પરત ફરશે.યુએસ લૉ ફર્મ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના કેસમાં ઝફઈ અને હ્લદ્બઈ ડેટા મેળવવા ગુજરાત કોર્ટમાં અરજી કરશે. વકીલ ડી. માઈકલ એન્ડ્ર્યુઝે કહ્યું કે, અમારી કાનૂની ફર્મની વિશેષજ્ઞ ટીમ આ ડેટાનું વિશ્લેષણ કરશે અને પછી યુએસ ફેડરલ કોર્ટમાં બોઈંગ સામે કેસ દાખલ કરશે. પ્રખ્યાત અમેરિકન કાનૂની ફર્મ બીઝલી એલેન ના મુખ્ય વકીલ અને વિમાની દુર્ઘટનાના વકીલ ડી. માઈકલ એન્ડ્ર્યુઝ (માઈક), જેમણે અમદાવાદમાં એર ઈન્ડિયા એઆઈ-૧૭૧ વિમાન દુર્ઘટનાના ઘટના દિવસે મારેલા ઓછામાં ઓછા ૬૫ પરિવારજનોનું પ્રતિનિધિત્વ સંભાળ્યું છે, તેઓ શનિવારે સુરત પહોંચ્યા હતા અને ત્યાંથી એકમાત્ર જીવિત બચેલા વિશ્વાશ કુમાર રમેશને મળવા માટે દમણ ગયા હતા.એન્ડ્ર્યુઝે કહ્યું કે તેમની કાનૂની ફર્મ ગુજરાત કોર્ટમાં અરજી દાખલ કરશે, જેથી સીવીઆર અને એફડીઆરના સંપૂર્ણ ડેટાની નકલ મળી શકે.

વીજળીના બિલને કરો (0)

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર






ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪



B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## સુરતમાં પશુઓના તબેલામાંથી લાખોનો દારૂ ઝડપાયો

। પ્રતિનિધિ, સુરત, તા.૧૧ ।

સુરતમાં પશુઓના તબેલામાંથી લાખોનો દારૂ ઝડપાયો છે. જેમાં ઘાસની આડમાં સંતાડેલો દારૂ અને બીયર ઝડપાયો હતો. જેમાં સચિન પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.પોલીસે દારૂના જથ્થા સાથે આરોપી અક્ષય પટેલની ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી રૂ. ૨૫ લાખથી વધુનો દારૂ ઝડપ્યો છે.જેમાં વિદેશી દારૂ અને બીયરનો જથ્થો મળી આવ્યો હતો. તે સિવાય પોલીસે દારૂનો જથ્થો આપનાર હીતેષ પટેલ વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે આ અંગે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુરતમાં પશુઓના તબેલામાંથી લાખોનો દારૂ ઝડપાયો છે. જેમાં ઘાસની આડમાં સંતાડેલો દારૂ અને બીયર ઝડપાયો હતો.

## વલસાડ જિલ્લામાં વરસાદી માહોલ, 3 ઇંચથી વધુ વરસાદ, પાણી ભરાયા હતા

। પ્રતિનિધિ, વલસાડ, તા.૧૧ ।

વલસાડ જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. જેમાં વલસાડ શહેર અને આસપાસના વિસ્તારમાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. વરસાદને કારણે શહેરના નીચાણવાળા કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જેમાં મિશન કોલોની વિસ્તારના સફાયર એપાર્ટમેન્ટ અને શાંતિવન સોસાયટી એપાર્ટમેન્ટમાં પાણી ભરાયું હતું. જેને લઈને લોકો પરેશાન થઈ ગયા હતા. બીજીતરફ પાણી નિકાલ માટે પાલિકાએ મૂકેલી મોટર ખોટવાઈ ગઈ હતી. મોટર ખોટવાતા પાણી નિકાલ માટે તંત્રની ટીમો કામે લાગી છે. ઉપરાંત ભાગડાવાડા અને નનકવાડા વિસ્તારમાં પણ રસ્તા પર પાણી ભરાયા હતા. વલસાડ જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. જેમાં વલસાડ શહેર અને આસપાસના વિસ્તારમાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. વરસાદને કારણે શહેરના નીચાણવાળા કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

### ૧૩ જુગારીઓની ધરપકડ

# ભાવનગરમાં પોલીસની મોટી કાર્યવાહી, શ્રાવણીયા જુગાર પર દરોડા

**દરોડામાં ૬ મહિલા અને ૭ પુરુષનો સમાવેશ થાય છે, જેમની પાસેથી કુલ રૂ. ૨૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો**

। પ્રતિનિધિ, ભાવનગર,તા.૧૧ ।

ભાવનગર શહેરમાં પોલીસે ગેરકાયદેસર જુગારની પ્રવૃત્તિઓ સામે મોટી કાર્યવાહી હાથ ધરીને બે અલગ-અલગ સ્થળો પરથી ૧૩ જુગારીઓની ધરપકડ કરી છે. આ દરોડામાં ૬ મહિલા અને ૭ પુરુષનો સમાવેશ થાય છે, જેમની પાસેથી કુલ રૂ. ૨૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી પીએસઆઈ મનીષ મકવાણા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.શહેરના બોરડીગેટ વિસ્તારમાં પોલીસે મળેલી બાતમીના આધારે દરોડો પાડ્યો હતો.આ દરોડામાં ૩ મહિલા અને ૩ પુરુષ જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે આ સ્થળેથી રૂ. ૧૨,૦૦૦નો મુદ્દામાલ, જેમાં રોકડ અને જુગારના સાધનોનો સમાવેશ થાય છે, જપ્ત કર્યો હતો. આ ઓપરેશન દરમિયાન પોલીસે ઝડપી કાર્યવાહી કરીને આરોપીઓને કસ્ટડીમાં લીધા.બોરડીગેટ ઉપરાંત, ખેડૂતવાસ વિસ્તારમાં પણ પોલીસે બીજો દરોડો પાડ્યો હતો. અહીંથી ૪ પુરુષ અને ૩ મહિલા જુગાર રમતા ઝડપાયા હતા. આ સ્થળેથી રૂ. ૧૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. પોલીસે આ બંને સ્થળોએથી જુગારની પ્રવૃત્તિનો ભંડાફોડ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવવાનો પ્રયાસ કર્યો છે.આ બંને દરોડામાં પીએસઆઈ મનીષ મકવાણા



અને તેમની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી. બાતમીના આધારે ઝડપી કાર્યવાહી કરીને પોલીસે આરોપીઓને રંગે હાથ ઝડપી લીધા.ઝડપાયેલા ૧૩ આરોપીઓ સામે ગુજરાત પોલીસ એક્ટ અને અન્ય સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીઓની પૂછપરછ ચાલુ છે, અને પોલીસ આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓની શોધખોળ કરી રહી છે. ભાવનગર શહેરમાં પોલીસે ગેરકાયદેસર જુગારની પ્રવૃત્તિઓ સામે મોટી કાર્યવાહી હાથ ધરીને બે અલગ-અલગ સ્થળો પરથી ૧૩ જુગારીઓની ધરપકડ કરી છે. આ દરોડામાં ૬ મહિલા અને ૭ પુરુષનો સમાવેશ થાય છે, જેમની પાસેથી કુલ રૂ. ૨૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી પીએસઆઈ મનીષ મકવાણા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.શહેરના બોરડીગેટ વિસ્તારમાં પોલીસે મળેલી બાતમીના આધારે દરોડો પાડ્યો હતો.આ દરોડામાં ૩ મહિલા અને ૩ પુરુષ જુગાર રમતા ઝડપાયા હતા.

## જામનગરમાં ડિજિટલ અરેસ્ટનો ખેલ,૨૬.૯૦ લાખ પડાવનાર આરોપી ઝડપાયો

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૧ ।

જામનગર શહેરમાં તાજેતરમાં દાખલ થયેલ ડીજીટલ અરેસ્ટ અંતર્ગત ગુનાની તપાસ દરમિયાન સાયબર પોલીસે રાજસ્થાનથી એક આરોપીને દબોચી લીધો છે. આ સખ્સે જામનગરના વ્યક્તિને કુરિયર પાર્સલમાં ડ્રગ્સ મળ્યું હોવાનો ભય બતાવી રૂપિયા ૨૬.૯૦ લાખ ઓનલાઈન પડાવી લીધા હતા. પોલીસે આરોપીને કોર્ટ સમક્ષ રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.ડીજીટલ અરેસ્ટના નામે શહેરના એક નાગરિક પાસેથી રૂ. ૨૬.૯૦ લાખની ઓનલાઈન ઠગાઈ કરનાર આરોપીને જામનગર સાયબર ક્રાઈમ પોલીસે રાજસ્થાનના જોધપુરથી ઝડપી પાડ્યો છે. આરોપીએ ફરિયાદીને ફેડેક્સ કુરિયરમાં ૧૪૦ ગ્રામ એમડીએમએ ડ્રગ્સ મળ્યું હોવાનો ભય બતાવી,એનડીપીએસ એક્ટ હેઠળ કેસ નોંધાશે તેવી ધમકી આપીને ડીજીટલ અરેસ્ટ કર્યો હતો. આ ઘટનામાં સાયબર પોલીસે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટ-લિજન્સની મદદથી આરોપી રાજુરામ સોહન રામ ગેહલોતને જોધપુરના ટીમરી ગામથી ઝડપી લીધો છે. હાલ આરોપીને જામનગર લાવવામાં આવ્યો છે અને કોર્ટ સમક્ષ રજૂ કરી રિમાન્ડ મેળવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.જામનગરમાં વધતા જતા સાયબર ક્રાઈમના ગુનાઓને નાથવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાઓના પગલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.એ. ઘાસુરા અને તેમની ટીમે આ કેસની તપાસ હાથ ધરી હતી.

### બ્રિજના બેરિંગ્સ અને પેડેસ્ટલ હજુ પણ જર્જરિત હાલતમાં

# અમદાવાદમાં વિશાલા બ્રિજ ઉપર ભારે વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ શહેરના વિશાલા બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શહેરના પોલીસ કમિશનરે જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ નિર્દેશ આપ્યો છે. જેમાં બ્રિજના ડાબા ભાગના બેરિંગ અને અન્ય ભાગો જર્જરીત સ્થિતિમાં હોવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં એસ.ટી. બસ પણ આ બ્રિજના ડાબા ભાગ પરથી પસાર નહી થઈ શકે. જેથી લોકોને હાલાકીનો સામનો કરવો પડશે.આ અંગે નેશનલ હાઈવે ઓથોરિટી અમદાવાદ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે શુક્રવારથી શાસ્ત્રી બ્રિજના ડાબી બાજુથી મધ્યમ અને ભારે મુસાફર અને કોમર્શિયલ વાહનો માટે બંધ રહેશે. વિશાલા સર્કલથી



પીરાણા સુધીનો બ્રિજ ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી બંધ રહેશે.જર્જરિત હાલતમાં રહેલા વિશાલા બ્રિજનું આ વર્ષની શરૂઆતમાં સમારકામ અને નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જોકે, બ્રિજના બેરિંગ્સ અને પેડેસ્ટલ હજુ પણ જર્જરિત હાલતમાં છે. પોલીસ વિભાગે આ અંગે એક જાહેરનામું બહાર પાડ્યું છે અને વૈકલ્પિક માર્ગોની જાહેરાત કરી છે.વિશાલાથી નારોલ સુધીનો ૪૩ વર્ષ જૂનો બ્રિજ એક્સપ્રેસ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮ ને જોડે છે.

આ બ્રિજના બદલે નવો બ્રિજ અને નારોલથી સરખેજ સુધીના એલિવેટેડ કોરિડોર માટે ટેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. આ પ્રસ્તાવિત કોરિડોર ૮-લેનનો બનશે. જેની માટે ૧,૨૯૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. અમદાવાદ શહેરના વિશાલા બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શહેરના પોલીસ કમિશનરે જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ નિર્દેશ આપ્યો છે. જેમાં બ્રિજના ડાબા ભાગના બેરિંગ અને અન્ય ભાગો જર્જરીત સ્થિતિમાં હોવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં એસ.ટી. બસ પણ આ બ્રિજના ડાબા ભાગ પરથી પસાર નહી થઈ શકે. જેથી લોકોને હાલાકીનો સામનો કરવો પડશે.અમદાવાદ શહેરના વિશાલા બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર ભૂકંપના આંચકા, બનાસકાંઠામાં 3.૬ની તીવ્રતાના ઝટકા આવ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાત-રાજસ્થાન બોર્ડર નજીક ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૬ માપવામાં આવી હતી. જેનું કેન્દ્ર બિંદુ પાલનપુરથી ૩૧ કિમી ઉત્તર પૂર્વમાં હતું. બનાસકાંઠા જિલ્લાના મોટા ભાગના તાલુકામાં તેના ઝટકા અનુભવાયા હતા. લોકો ડરીને ઘરની બહાર નીકળી ગયા હતા. જો કે બંને રાજ્યોના કોઈ પણ વિસ્તારમાં વધારે જાનમાલના નુકસાનની સૂચના નથી મળી.બીજી તરફ વાત કરીએ તો રશિયામાં પણ આજે ભીષણ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. જ્યાં રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૦ની માપવામાં આવી છે. આ ભૂકંપ આજે ૧૯:૩૪:૦૭ વાગ્યે રશિયાના સેવેરો-કુરીલ્સ્કથી ૨૬૭ કિમી પૂર્વ દક્ષિણ પૂર્વમાં આવ્યો હતો.

રશિયાના કમચટકા આઈલેન્ડ પર ૩૦ જૂલાઈના રોજ ૮.૮ તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપના કારણથી હડકંપ મચી ગયો હતો. આ ભૂકંપથી પ્રશાંત મહાસાગરના તટીય વિસ્તારમાં સુનામીની ચેતવણી જાહેર કરી હતી. ૩૦ જૂલાઈના રોજ આવેલા ભૂકંપને દુનિયાના ૧૦ સૌથી મોટા ભૂકંપમાં સામેલ કર્યો હતો. તેના કારણે જાપાન, અમેરિકા અને ચિલી સુધીના દેશોને હાઈ એલર્ટ પર લાવી દીધા હતા.

## મોડાસાના માઝુમ બ્રિજ પર મોટી દુર્ઘટના; કાર નદીમાં ખાબકતા ૪ના કરૂણ મોત

। પ્રતિનિધિ, અરવલ્લી, તા.૧૧ ।

મોડાસા ખાતે આવેલા માઝૂમ બ્રિજ પાસે અકસ્માત સર્જાયો હતો જેમાં મળતી માહિતી મુજબ આ અકસ્માત રાત્રી ના ૯:૩૦વાગ્યાની આજુબાજુ ના સમયમાં સર્જાયો હોવાની માહિતી સામે આવી હતી જેમાં મોડાસા ના સહયોગ બાજુથી આવતી કાર ૪૦ ફૂટ ઉપરથી માઝૂમ નદીમાં પડતા ૪ યુવાનોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા છે, જયારે એક યુવકનો સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના બાયપાસ રોડ પર આવેલા માઝુમ નદીના બ્રિજ પર ની છે ઘટના ને લઈ મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા.

મોડાસા ના સહયોગ તરફ થી આ કાર આવી રહી હતી ત્યારે માઝૂમ બ્રીજમાં પડતા ચાર લોકોના મોત નીપજ્યા છે, જેમાં કપિલ ઉપાધ્યાય, વિશાલ રાજ, આબીદ મરડીયા, દિપક મેવાડા નામના વ્યક્તિઓ ના મોત નીપજ્યા છે જેમાં આ ચાર મોડાસા માં મોશન ટ્યુશન ક્લાસીસ તેમજ ખાનગી સ્કૂલ માં કરાર આધારિત શિક્ષક તરીકે નોકરી કરતા હતા.

હાલ મોડાસા શહેર માં રહેતા હતા ત્યારે સમગ્ર મામલે મોડાસા ફાયર ની ટીમ તેમજ સ્થાનિક પોલિસ તેમજ એએસપી સહીત ટીમ ઘટના સ્થળે પોંહચી આવી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.



### લોકસભાનું ચોમાસું સત્ર ચાલી રહ્યું છે


# ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર સપ્ટેમ્બરમાં મળશે । ત્રણ દિવસ જેટલુ ચર્ચાથી ગૃહ ગુંજશે

**આગામી સપ્ટેમ્બર મહિનાની તારીખ ૮, ૯ અને ૧૦ એમ ત્રિ દિવસીએ ચોમાસું સત્ર યોજવાનું છે**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૧ ।

લોકસભાનું ચોમાસું સત્ર ચાલી રહ્યું છે. લોકસભાના ચોમાસા સત્રમાં શાસક અને વિપક્ષના આક્ષેપો પ્રતિ આક્ષેપો સામે ધમાકેદાર ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. હવે આવનારા દિવસોમાં એટલે કે, સપ્ટેમ્બર મહિનામાં ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર પણ મળવાનું છે. ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું ટૂંકું સત્ર સપ્ટેમ્બર મહિનામાં યોજાવવાનું છે. આગમી સપ્ટેમ્બર મહિનાની તારીખ ૮, ૯ અને ૧૦ એમ ત્રિ દિવસીએ ચોમાસું સત્ર યોજવાનું છે.આ ત્રિ દિવસીય ચોમાસું સત્રમાં ગૃહમાં અનેક વિષયો ઉપર ચર્ચા મંથનો થવાના છે. આગામી આયોજિત ચોમાસું સત્ર અંગેની વાત કરતા વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્યપ ાલ આચાર્ય દેવવ્રતે ૧૫મી વિધાનસભાના સાતમા સત્રનું આહવાન કર્યું છે. આ ચોમાસું સત્ર ત્રણ દિવસ માટે બોલાવવામાં આવ્યું છે. આ સત્રમાં ધારાસભ્યો પ્રશ્નો પૂછી શકે તે માટે આજથી ૨૦ ઓગસ્ટ સુધી તેમના પ્રશ્નો મોકલી શકે તે માટેનું ફરમાન કરવામાં આવ્યું છે.ત્રણ દિવસના ચોમાસા સત્રમાં જીએસટી સુધારા વિધાયક તેમજ ફેક્ટરી એકટ સુધારા





વિધાયક પણ વિધાનસભામાં રજૂ થવાના છે. આ બંને સુધારા વિધાયકના વટહુકમ પણ ચર્ચા વિચારણા થશે. તદુપરાંત કામકાજ સલાહકાર સમિતિની મિટીંગ ૬ સપ્ટેમ્બરના રોજ મળવાની છે. તેમાં બાકીના વિવિધ વિષયોને અંતર્ગતની ચર્ચા યોજાવવાની છે. આમ આગામી સપ્ટેમ્બરમાં ત્રિ દિવસીય ચોમાસું સત્ર મળવાનું છે. જેમાં પેટા ચૂંટણીમાં ચૂંટાયેલા આમ આદમી પાર્ટીના વિસાવદર બેઠકના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા તેમજ ભાજપના કડી વિધાનસભા બેઠકના ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા માટે આ પહેલું સત્ર રહેશે. જ્યારે કોંગ્રેસ અને ભાજપ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો વિવિધ વિષયો પર ચર્ચા થશે. પ ક્ષ અને વિપક્ષની ચર્ચા સાથે વિધાનસભાનું ગૃહ ત્રણ દિવસ ગુંજી ઉઠશે. લોકસભાનું ચોમાસું સત્ર ચાલી રહ્યું છે. લોકસભાના ચોમાસા સત્રમાં શાસક અને વિપક્ષના આક્ષેપ ો પ્રતિ આક્ષેપો સામે ધમાકેદાર ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. હવે આવનારા દિવસોમાં એટલે કે, સપ્ટેમ્બર મહિનામાં ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર પણ મળવાનું છે. ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું ટૂંકું સત્ર સપ્ટેમ્બર મહિનામાં યોજાવવાનું છે. આગમી સપ્ટેમ્બર મહિનાની તારીખ ૮, ૯ અને ૧૦ એમ ત્રિ દિવસીએ ચોમાસું સત્ર યોજવાનું છે.આ ત્રિ દિવસીય ચોમાસું સત્રમાં ગૃહમાં અનેક વિષયો ઉપર ચર્ચા મંથનો થવાના છે. આગામી આયોજિત ચોમાસું સત્ર અંગેની વાત કરતા વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ૧૫મી વિધાનસભાના સાતમા સત્રનું આહવાન કર્યું છે.

### હાઇકોર્ટની વર્ચ્યુઅલ સુનાવણીની એસઓપીમાં સુધારા કરાયા

# વર્ચ્યુઅલ સુનાવણીની એસઓપીનો અમલ નહીં કરનાર સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ થશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા કેસની સુનાવણીમાં વર્ચ્યુઅલ મોડથી જોડાતાં એક પક્ષકાર અને સિનિયર એડવોકેટના અશોભનીય અને અશિસ્ત ભરેલાં વર્તનની ઘટના હજુ તાજી છે, ત્યારે હાઈકોર્ટે વર્ચ્યુઅલ સુનાવણી માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરાં મહત્ત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. જેમાં એવી તાકીદ કરવામાં આવી છે કે, વીડિયો કોન્ફરન્સિંગથી વર્ચ્યુઅલ સુનાવણીમાં જોડાનારી વ્યક્તિ જો ()મનો ભંગ કરશે તો તેને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. એટલું જ નહીં, ઓનલાઈન મોડ દ્વારા કોર્ટ કાર્યવાહીમાં જોડાવા માગતા તમામ સહભાગીઓ માટે 'વેઈટિંગ રૂમ' પણ રાખવામાં આવશે. ફેરફાર સાથેની () મમાં જણાવાયું છે કે, સહભાગીઓએ કોર્ટના મહિમા અને શિષ્ટાચારને અનુરૂપ વર્તન કરવું જોઈએ.

શિસ્તબદ્ધ વર્તન દર્શાવવું જોઈએ અને યોગ્ય અને ઉચિત સ્થળેથી ઓનલાઈન કાર્યવાહીમાં હાજરી આપ વી જોઈએ નહીં કે વાહનમાંથી. હાઈકોર્ટે તેના આદેશમાં રજિસ્ટ્રાર, ઈન્ફર્મેશન ટેકનોલોજીને લાઈવ-સ્ટ્રીમિંગ કાર્યવાહીમાં ભાગ લેતા કોર્ટનું કન્ટેમ્પ્ટ જેવા વર્તન કરતાં અરજદારોને રોકવા માટેની પદ્ધતિ વિશે માહિતી આપવા જણાવ્યું હતું અને અવલોકન કર્યું હતું કે આવા અનિયંત્રિત વર્તન વારંવાર બની રહ્યા છે.

## મારા બેંક એકાઉન્ટમાં રૂપિયા ૨ લાખ જમા છે, એક મજાકના કારણે યુવકને મળ્યું દર્દનાક મોત!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

ચાંગોદરના તાજપુર ગામની સીમમાંથી પસાર થતી રેલ્વે લાઈન નજીકથી ૧૬મી માર્ચના દિવસે મળી આવેલ મૃતદેહના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસએ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી સંતલાલ ગૌતમ અને મધ્યપ્રદેશના રહેવાસી રોહિતસીંગ ગોડ નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. બંન્ને આરોપીઓએ માત્ર ૨ લાખ રૂપીયા મેળવવાની લાલચમાં આવીને મોહિબુલ ઈસ્લામ નામના યુવકને ગળે ટુંપ ો આપીને હત્યા કરી દીધી હતી. બાદમાં તેની ઓળખ ના થાય તે માટે ટી શર્ટ ચહેરા પર નાંખીને સળગાવી દીધી હતી. જો કે પ ોલીસ તપાસમાં બંન્નેની પોલ ખુલ્લી પડી ગઈ હતી. ઘટના અંગે વાત કરીએ તો ૧૬મી માર્ચએ સળગાવેલી હાલતમાં ચહેરા સાથે એક મૃતદેહ મળી આવ્યો હતો. જો કે યુવકનો ચહેરો સળગી ગયેલ હાલતમાં હોવાથી તેની ઓળખ કરવી પોલીસ માટે મુશ્કેલ બની હતી. પરંતુ પોલીસએ અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. જ્યારે ૧૭મી માર્ચના દિવસે ચાંગોદરમાં આવેલ મેક્સ ગ્રાફિક્સમાં કામ કરતો મોહિબુલ ઈસ્લામની કોઈ ભાળ મળતી ના હોવાની જાણ ચાંગોદર પોલીસને કરવામાં આવી હતી.

## નાળિયેરી પૂનમે ખારવા સમાજે દરિયાદેવનું પૂજન કર્યું

। પ્રતિનિધિ, અમરેલી, તા.૧૧ ।

અમરેલી જિલ્લાના જાફરાબાદ શહેરમાં આજે ખારવા સમાજ દ્વારા નાળિયેરી પૂનમ (બળેવ) ના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આ દિવસે ખારવા સમાજની બહેનો અને ભાઈઓએ શાસ્ત્રોક્ત વિધિ સાથે દરિયાદેવનું પૂજન કરીને સમૃદ્ધિ અને સલામતી માટે પ્રાર્થના કરી.આ પવિત્ર દિવસે મોટી સંખ્યામાં ખારવા સમાજની બહેનોએ દૂધના બેડાં સાથે દરિયાકિનારે પહોંચીને દરિયાદેવનો અભિષેક કર્યો હતો. બહેનોએ ખાસ કરીને પોતાના પિતા, ભાઈ અને પતિ સહિત જે લોકો દરિયામાં માછીમારી કરવા જાય છે, તેમની સલામતી અને રક્ષા માટે દરિયાદેવને પ્રાર્થના કરી હતી. આ પૂજાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આવનારા માછીમારીના દિવસોમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી કે અકસ્માત ન થાય અને સૌ સુરક્ષિત રીતે પરત ફરે. આ પૂજન બાદ હવે ખારવા સમાજના લોકો માછીમારી માટે દરિયામાં જવાની શરૂઆત કરશે. દરિયાદેવના આશીર્વાદ સાથે તમામ બોટ માછીમારી માટે રવાના થશે. આ પ્રસંગે ખારવા સમાજના પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ જણાવ્યું કે, આ તહેવાર આપણા સમાજ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણે દરિયાદેવને પ્રાર્થના કરીએ છીએ કે સૌ માછીમારો સુરક્ષિત રહે અને તેમને સારી માછીમારી મળે.આ પૂજામાં મોટી સંખ્યામાં ખારવા સમાજના ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેણે સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. આ તહેવાર ખારવા સમાજની દરિયા પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ શહેરમાં આજે ખારવા સમાજ દ્વારા નાળિયેરી પૂનમ (બળેવ) ના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આ દિવસે ખારવા સમાજની બહેનો અને ભાઈઓએ શાસ્ત્રોક્ત વિધિ સાથે દરિયાદેવનું પૂજન કરીને સમૃદ્ધિ અને સલામતી માટે પ્રાર્થના કરી.






## તંત્રી લેખ..

# ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઈ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઈ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રશ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઈ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઈ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી.

# રાજનીતિ એવું કોયડુ છે જેમાં કહેણી અને કરણીમાં ફરક હોય છે

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જાહેરાત કરી છે કે ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી રાષ્ટ્રીય જનતા દળના યુવા નેતા તેજસ્વી યાદવના નેતૃત્વમાં લડવામાં આવશે અને ત્યારબાદ તેજસ્વી જ રાજ્યના મુખ્યમંત્રી હશે. તેમના આ સુવિચારનું સ્વાગત કરવું જોઈએ. વાસ્તવમાં તેજસ્વી ભવિષ્યના નેતા છે અને નીતિશ જેવા અનુભવી વયોવૃદ્ધ નેતાઓને યુવાનોને આગળ આવવા માટે માર્ગ આપવો જોઈએ. પરંતુ રાજનીતિ એવું કોયડુ છે જેમાં કહેણી અને કરણીમાં ફરક હોય છે. બિહાર વિધાનસભા ચૂંટણી આડે હજુ તો બે વર્ષનો સમય છે અને આગામી બે વર્ષમાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે કેવા રાજકીય સમીકરણો બનશે તે વિશે હાલ તો કંઈ જ કહી શકાય તેમ નથી. તેથી દાવો ન કરી શકાય કે તેજસ્વી જ આગામી મુખ્યમંત્રી હશે. જાકે સામાજિક અને જાતીય દૃષ્ટિએ મહાગઠબંધન અત્યંત શક્તિશાળી છે અને તેનું નેતૃત્વ કરનાર રાજ્યના કોઈ અન્ય રાજકીય પક્ષ કે ગઠબંધન પર ભારે પડશે. જદયુ, રાજદ અને કોંગ્રેસનું મહાગઠબંધન ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પર ભારે પડ્યું હતું. નીતિશ ના તો માત્ર અનુભવી, પરંતુ ચતુર રાજનીતિક છે. તેમની જાહેરાતથી સ્પષ્ટ થાય છે કે મુખ્યમંત્રીની ખુરશી પર તેજસ્વીની તાજપોશી કરી પોતે વિપક્ષની એકતાનું નેતૃત્વ કરવા માગે છે. તેનો અર્થ એ છે કે પોતાના રાજકીય જીવનના ઉત્તરાર્ધમાં તેમણે બે લન્ય નક્કી કર્યા છે. એક, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કેન્દ્રની સત્તામાંથી નરેન્દ્ર મોદીને બેદખલ કરવા અને બીજું, ૨૦૨૫માં તેજસ્વીના નેતૃત્વમાં મહાગઠબંધનની સરકાર બનાવવી. દેશનો એક નાનકડો વર્ગ નીતિશને મોદી વિરુદ્ધ વડાપ્રધાન પદના સંભવિત ઉમેદવાર તરીકે જોઈ રહ્યો છે. એક મહત્વનો સવાલ એ છે કે વિપક્ષ કે અન્ય દિગ્ગજ નેતાઓ શું તેમને પોતાના નેતા સ્વીકારશે? જોકે નીતિશનું કહેવું છે કે તેઓ વડાપ્રધાન પદના દાવેદાર નથી. પરંતુ હકીકત એ પણ છે કે કોઈ પોતાની જાતને આ પદના દાવેદાર ગણાવતા પણ નથી. જો ખરેખર નીતિશ કેન્દ્રની સત્તામાંથી મોદીને બેદખલ કરવા માટે વિપક્ષી એકતાનું અભિયાન આગળ વધારવા માગતા હોય તો તેમણે રાજનીતિમાંથી સંન્યાસની જાહેરાત કરવી જોઈએ. આમ કરીને તેઓ વિપક્ષના નેતાઓનો વિશ્વાસ મેળવી શકશે. જોકે સત્તાનો સ્વાદ એટલો તો મધુર હોય છે કે એક વાર તેને ચાખી લીધા બાદ કોઈ સામેથી તેનો ત્યાગ કરી શકતો નથી.



## ટેકનોલોજીમાં પાછળ રહેલા લોકોની રોજગારી પર હજુ સંકટ...

**માનવ સંશાધન સાથે સંબંધિત શોધ માટે લોકપ્રિય વૈશ્વિક સંસ્થા મેન પાવર ગ્રુપે પોતાના રિપોર્ટમાં કેટલીક બાબતોનો ખુલાસો કર્યો છે આ સંસ્થાએ પોતાના રિપોર્ટ ટેલેન્ટ શોર્ટેજ સર્વે ૨૦૨૨માં કહ્યુ છે કે દુનિયાભરમાં ૪૫ ટકા કંપનીઓ હાલના સમયમાં કાર્ય માટે યોગ્ય પ્રતિભાઓની કમીનો સામનો કરી રહી છે**

# રોબોટ હવે રોજગારી આંચકી રહ્યા છે

**વિશ્વના જુદા જુદા દેશોમાં રોબોટ વિવિધ ક્ષેત્રમાં કામ કરવા લાગી ગયા છે જેથી બેરોજગારીની સમસ્યા વધશે : કુશળતા વિકસાવવાની જરૂર છે**

બેરોજગારીની સમસ્યાથી આજે સમગ્ર વિશ્વના દેશો પરેશાન છે. બેરોજગારીને દુર કરવા માટે મથામણ તમામ દેશો કરી રહ્યા છે પરંતુ આ સમસ્યા વધારે જટિલ બની રહી છે. હાલમાં એવી બાબત ઉભરીને સપાટી પર આવી છે કે આધુનિક સમયમાં રોબોટ રોજગારી પર સીધી અસર કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારત સહિત વિકાસશીલ દેશોના શ્રમિકોના રોજગારની સુરક્ષા માટે હવે એવા લોકોના સમર્થનની નીતિ બનાવવી પડશે જે ટેકનોલોજી વિકાસમાં પાછળ છે. માનવ સંશાધન સાથે સંબંધિત શોધ માટે લોકપ્રિય વૈશ્વિક સંસ્થા મેન પાવર ગ્રુપે પોતાના રિપોર્ટમાં કેટલીક બાબતોનો ખુલાસો કર્યો છે. આ સંસ્થાએ પોતાના રિપોર્ટ ટેલેન્ટ શોર્ટેજ સર્વે ૨૦૨૨માં કહ્યુ છે કે દુનિયાભરમાં ૪૫ ટકા કંપનીઓ હાલના સમયમાં કાર્ય માટે યોગ્ય પ્રતિભાઓની કમીનો સામનો કરી રહી છે. જ્યારે ભારતમાં ૫૬ ટકા કંપનીઓને યોગ્ય અને ખાલી રહેલી જગ્યાઓ પર સારા અને કુશળ કર્મચારીઓ મળી રહ્યા નથી. એક બાજુ લાયક અને કુશળ કર્મચારીઓની માંગ રોકેટ ગતિથી વધી રહી છે ત્યારે બીજી બાજુ રોજગારની જરૂર માટે નવી ચિંતા દેશ વિદેશમાં સપાટી પર આવી રહી છે. દેશ વિદેશમાં રોજગારીની સમસ્યા વચ્ચે રોબોટ એટલે કે યંત્રીકૃત માનવીની માંગ



વધી રહી છે. તેમની સંખ્યા સતત વધી રહી છે. દુનિયાભરમાં હાલના દિવસોમાં રોબોટની માગ વધી છે. હાલના દિવસોમાં લોકપ્રિય લેખક માર્ટિન ફોર્ડના પુસ્તક રોબોટ્સના ઉદય ટેકનોલોજી ઔર રોજગાર વિહીન ભવિષ્યના ખતરા નામથી રહેલા પુસ્તકમાં કેટલીક બાબતોને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી રહી છે. આ લોકપ્રિય પુસ્તકમાં માર્ટિન ફોર્ડે કહ્યુ છે કે ટેકનોલોજીના પ્રતિક સમાન રોબોટ આગળ જઈને સામાન્ય પ્રકારના કેટલાક કામ માનવી પાસેથી આંચકી લેશે. ચોક્કસપણે થોડાક સમય પહેલા સુધી વાર્તામાં જ ફિલ્મોમાં જ રોબોટ અમે જોતા હતા અને સાંભળતા હતા. માત્ર કલ્પના કરવામાં આવતી હતી. હવે આ રોબોટ સાકાર રૂપ લઈ ચુક્યા છે. સ્થિતી એ છે કે રોબોટના કારણે ૨૧મી સદીમાં વૈશ્વિકરણ અને યાંત્રીકરણના દોરમાં રોબોટ સમસ્યા ઉભી કરી રહ્યા છે. દુનિયાના કેટલાક દેશોમાં રોબોટ સામાન્ય નીવન અને ઉદ્યોગ-કારોબારના મહત્વપૂર્ણ હિસ્સા તરીકે બનતા નજરે પડી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો રોબોટ રેસ્ટોરન્ટમાં ભોજન બનાવવા, પિરસવા અને પ્લેટ ઉઠાવવા માટેના કામ કરી રહ્યા છે. વજન ઉઠાવીને ચાલી પણ રહ્યા છે. કેટલાક રોબોટ ઓટો ચલાવી રહ્યા છે. સૌથી વધારે રોબોટ જાપાનમાં કામ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ સમય જાપાન સૌથી ટેકનોલોજી ધરાવતા દેશ તરીકે છે. જાપાનમાં આશરે ૩.૫૦ લાખ, અમેરિકામાં પોણા બે લાખ, ચીનમાં એક લાખથી વધારે રોબોટ છે. ભારતમાં પણ રોબોટની સંખ્યા ૧૬ હજારથી વધારે છે. રોબોટના ઉપયોગ સંબંધિત તમામ વૈશ્વિક અભ્યાસ દર્શાવે છે કે સમગ્ર દુનિયામાં રોજગાર હવે રોજગારી પર અસર કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારતમાં પણ અસર થઈ રહી છે. ભારત સહિતના વિકાસશીલ દેશોને હવે કેટલીક નવી બાબત પર કામ કરવાની જરૂર છે. જે લોકો ટેકનોલોજીમાં પાછળ છે તે લોકોની રોજગારી જવાનુ સંકટ છે. જે લોકો કોમ્પ્યુટર શિક્ષિત નથી. તેમની રોજગારી જઈ શકે છે. આવી સ્થિતીમાં ટ્રેનિંગ, શિક્ષણ અને કુશળતા પ્રદાન કરાવીને રોજગારી જતી રહેવાના ખતરાને રોકી શકાય છે. આના પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. બેરોજગારીનો મુદ્દો ભારત સહિતના દેશોમાં પહેલાથી જ જટિલ બની ચુક્યો છે. માત્ર ભારતમાં જ નહી બલ્કે ફ્રાન્સ સહિતના યુરોપના દેશોમાં પણ બેરોજગારી સામે લડવા માટે તમામ દેશ મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં રોબોટ જીવન રૂરી કામો કરવા લાગી ગયા છે. જે વધારે ચિંતાજનક બાબત છે. એકબાજુ બેરોજગારીને દુર કરવા માટે સંરક્ષણાત્મક પગલા લેવામાં આવી રહ્યા છે ત્યારે રોબોટ સમસ્યા સર્જી રહ્યા છે. હવે આવનાર સમયમાં રોબોટનો ઉપયોગ વધવામાં આવનાર છે. આવી સ્થિતીમાં યુવાનો ધીમે ધીમે જુદી જુદી કુશળતા વિકસિત કરે તે જરૂરી છે. કારણ કે રોબોટની સામે ટક્કર લેવા માટે આ બાબત ઉપયોગી રહેશે.



## જાપાનમાંથી ભારતમાં ભારત આવેલા ઓકી દોની બોલબાલા છે...


**જે જાપાનથી ભારત આવ્યા બાદ તેને લઇને પણ જાણકાર નિષ્ણાંતો અને યોગ ગુરૂમાં ચર્ચા જોવા મળી રહી છે આનો ઉપયોગ પણ કેટલીક બિમારીમાં ફાયદાકારક સાબિત થાય છે**

# ઓકી દો એક પ્રકારથી યોગ જ છે

**ઓકી દોમાં તાવને ઉતારી દેવા માટે ૧૫ મિનિટની વોટર થેરાપી પણ હોય છે : જુદા જુદા પ્રકારના યોગ શરીરની કેટલીક તકલીફ દુર કરે છે**

ઓકી દો યોગના જ એક સ્વરૂપ તરીકે છે. જે જાપાનથી ભારત આવ્યા બાદ તેને લઈને પણ જાણકાર નિષ્ણાંતો અને યોગ ગુરૂમાં ચર્ચા જોવા મળી રહી છે. આનો ઉપયોગ પણ કેટલીક બિમારીમાં ફાયદાકારક સાબિત થાય છે. ઓકી દો યોગમાં તાવને ઉતારી દેવા માટે ૧૫ મિનિટની વોટર થેરોપી હોય છે. ત્રણ મુખ્ય સિદ્ધાંત એકાગ્રતા, ડીપ બ્રિથિંગ અને મુવમેન્ટ રહે છે. યોગ કરવાથી શરીર ફિટ અને હેલ્થી રહે છે.

શરીરમાં તાકાત આવે છે. આત્મવિશ્વાસમાં વધારો થાય છે. ઓકી દોમાં સ્ટ્રેચેબલ યોગથી શરીર સોફ્ટ બને છે. તેના ત્રણ મુખ્ય સિદ્ધાંત રહેલા છે. જેનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે. તેને કરતી વેળા પાંચ ચીજો બોડી એન્ડ મુવમેન્ટ, માઈન્ડ હાર્ટ, ડાઈટ, બ્રિથિંગ અને શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. વોટર થેરાપીની વાત કરવામાં આવે તો આ પ્રક્રિયામાં રોગીને સીધી રીતે જમીન પર સુવડાવી દેવામાં આવે છે. ત્યારબાદ પાણીથી ભરેલા જગને દર્દીની પાસે રાખીને ઓકી દો નિષ્ણાંત બે ત્રણ ઘેરી શ્વાસ લઈને છોડે છે. ત્યારબાદ નિષ્ણાંત પોતાના ડાબા હાથને રોગીના ગરદનની પાછળ અને માથા પર રાખે છે. જમણા હાથની પાંચેય આંગળીને પાણીના જગમાં નાંખે છે. ઘેરા



શ્વાસ લઈને ડબા હાથથી ભરેલા અનુભવ કરે છે. જમણા હાથની હથેળીથી સામાન્ય તાવ અને શારરિક સમસ્યાને પાણીમાં ઉતારવામાં આવે છે. ૧૫ મિનિટ સુધી આ પ્રક્રિયા કરવામાં આવે છે. ઓકી દોમાં એક ત્રિકોણાસન પણ છે. જે ઉભા થઈને કરવામાં આવે છે. આના ભાગરૂપે સૌથી પહેલા ઉભા થઈને પગ ખોલી દેવાની જરૂર હોય છે. ત્યારબાદ હાથ ફેલાવી દેવામાં આવે છે. છાંતી અને પેટ ફુલાવીને શ્વાસ અંદરની તરફ ખેંચવામાં આવે છે. મોથી શ્વાસને ધીમે ધીમે છોડીને નીચે તરફ ઝુંકવામાં આવે છે. ત્યારબાદ ડાબા હાથ જમણા પગની તરફ લઈ જવામાં આવે છે.

ગરદનને ઉપરની બાજુ કરવામાં આવે છે. ત્યારબાદ ધીમે ધીમે શ્વાસ ભરીને ઉભા થવાની જરૂર હોય છે. આ પ્રકારથી આ પ્રકિયા ૩-૫ વખત કરવામાં આવે છે. આના કારણે સ્થુળતા, પેટ, કમર , ખભા અને કમર સાથે સંબંધિત બિમારીને દુર કરી શકાય છે. મહિલાઓ, હાઈ બીપી ધરાવનાર દર્દી અને હાર્ટ સાથે સંબંધિત રોગ ધરાવતા દર્દીને નિષ્ણાંતની સલાહ મુજબ ઓકી દો યોગ કરવા માટે કહેવામાં આવે છે. ત્રિકોણાસન બેસીને પણ કરવામા આવે છે. સૌથી પહેલા બેસીને બંને પગને બે ફુટ સુધી ખોલી દેવામાં આવે તે જરૂરી હોય છે. ત્યારબાદ શ્વાસને ધીમે ધીમે નાકથી ખેંચવા કહેવામાં આવે છે. છાતી અને પેટ ફુલાવીને મોથી શ્વાસને ધીમે ધીમે એક સાઈડ શરીરને પાછળ બાજુ લઈ જવામાં આવે છે. બે ત્રણ ઘેરા શ્વાસ લેતા રોકાઈ જવા માટે કહેવામાં આવે છે. આ પ્રક્રિયાને બીજી બાજુ પણ કરવામાં આવે તે જરૂરી છે. શ્વાસ લેવા અને છોડવા માટે કહેવામાં આવે છે. આ યોગ પાંચથી સાત વગર કરવામાં આવે તેમ નિષ્ણાંતો કહે છે. આ યોગ કરવાથી કમર, પેટ, અસ્થમાની તકલીફ દુર થાય છે. ખભાના ટ્વિસ્ટ યોગ પણ કરવામાં આવે ચે. આના માટે સૌથી પહેલા શરીરને આગળની બાજુ ઝુંકાવી દેવામાં આવે છે. ત્યારબાદ ઘુંટણને વાળીને કમરને પાછળ ધકેલી દેવામાં આવે છે. ત્યારબાદ ચહેરાને પાછળ બાજુ લઈ જવામાં આવે છે. મોથી શ્વાસ છોડીને પેટ અંદરની બાજુમાં લઈ જવામાં આવે છે.

આ જ પ્રકારથી વિપરિત સાઈડમાં પણ કરવામાં આવે છે. બંને પગ પર એક સમાન ભાર હોવા જોઈએ. આ પ્રક્રિયાને ૫-૭ વખત દોહરાવી શકાય છે. આના કારમે જોડના દુખાવા, પીઠના નિચલા હિસ્સાના દુખાવાથી રાહત મળે છે. ઉપરાંત અન્ય પિડા પણ દુર થાય છે. તેજ કમરના દર્દીને તબીબોની સલાહ લીધા બાદ જ આ પ્રકારના યોગ કરવાની સલાહ નિષ્ણાંતો આપે છે. તાડાસન પણ ઉપયોગી યોગ સાબિત થાય છે. યોગને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા માન્યતા આપવામાં આવ્યા બાદ ભારતમાં યોગની લોકપ્રિયતા સતત વધી રહી છે. યોગ કરનાર લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

## ખરાબ લાઇફસ્ટાઇલથી હાર્ટના રોગ । હાર્ટ અટેકના રોગીની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઇ રહ્યો છે

# હાલના સમયમાં યુવા વર્ગમાં પણ હાર્ટ રોગ સંબંધિત કેસો સતત વધી રહ્યા છે : પુરૂષ અને મહિલાઓ માટે ચિંતાજનક વિષય બન્યો છે

ખરાબ લાઈફસ્ટાઈલના કારણે આધુનિક સમયમાં હાર્ટ સંબંધિત દર્દીઓના કેસમાં વધારો થઈ રહ્યો છે. ખરાબ લાઈફસ્ટાઈલના કારણે યુવાનો પણ હાર્ટના રોગના શિકાર થઈ રહ્યા છે. દિલ્હીમાં પટપડગંજમાં સ્થિત મેક્સ હોસ્પિટલના હાર્ટના નિષ્ણાંત તબીબના કહેવા મુજબ ખરાબ લાઈફસ્ટાઈલ ઘાતક બની રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલ અને અવ્યવસ્થિત રીતના કારણે દર્દીઓ પરેશાન થયેલા છે. દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા આને લઈને ચિંતા વધી રહી છે. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં એક સમાન તકલીફ વધી રહી છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે યુવા વર્ગમાં ખતરો સતત વધી રહ્યો છે. પુરૂષ અને મહિલા બન્ને માટે આ બાબત ખતરનાક બનેલી છે. નિષ્ણાત તબીબો કહે છે કે સૌથી વધુ મોત દુનિયામાં હાર્ટ અટેક અને હાર્ટ ફેલ થવાના કારણે થાય છે. વિશ્વભરમાં આશરે ૧.૭૦ લાખ લોકોના મોત હાર્ટની બિમારીના કારણે



થાય છે. આવી જ રીતે ભારતમાં ૩૦ લાખ લોકોના મોત સીવીડી કાર્ડિઓ વેસ્ક્યુલર બિમારીના કારણે થાય છે. જેમાં હાર્ટ અટેક અને હાર્ટ સ્ટ્રોક પણ સામેલ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સામાન્ય રીતે વ્યસ્ત રહેલી લાઈફસ્ટાઈલના કારણે યુવા શારરિક ગતિવિધી પર વધારે ધ્યાન આપી શકતા નથી. જેના કારણે કાર્ડિયોવેસ્કુયલર ડીસિઝ, ટાઈપ બે ડાયાબિટીસ અને સ્થુળતા જેવી બિમારીનો ખતરો બે ગણો રહે છે. તે હાઈ બ્લડ પ્રેશર લિપિડ લેવલ્સને પણ વધારી દે છે. જે સીધી રીતે હાર્ટની બિમારી સાથે જોડાયેલ રહે છે. હાથમાં જુદા જુદા પ્રમાણમાં બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે.

ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે. આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે. હાથની વચ્ચે પ્રતિકાત્મક બ્લડપ્રેશર અલગ અલગ હોવાની સ્થિતિમાં ચકાસણીની વાત કરવામાં આવ્યા બાદ વધુ પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. અભ્યાસના ભાગરૂપે જુદા જુદા બ્લડપ્રેશરને આવરી લેતા ૨૮ પેપરોની ચકાસણી કરવામાં આવી હતી. આમા જાણવા મળ્યું કે ૧૫ એમએમ એચજી અથવા તો વધુના અંતરનો સીધો સંબંધ વેસક્યુલર રોગના ખતરા સાથે સંબંધિત છે. લોહીના પુરવઠાનો પણ આની સાથે સીધો સંબંધ છે.સામાન્ય રીતે અમે એક હાથમાં બીપીની ચકાસણી કરાવીએ છીએ. ડાયાબીટીશના કેસમાં અમે બંને હાથ અને પગમાં ચકાસણી કરાવીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં ૩૦ ટકા દર્દીઓના બંને હાથ વચ્ચે ૧૦ એમએમ એચજી અંતર છે. જો કે બંને હાથમાં બીપી ચકાસણી એક સામાન્ય કવાયત છે. આના પાળવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ હાર્ટ કેર ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ કાર્ડિયોલોજીસ્ટે કહ્યુ છે કે એક દર્દી પ્રથમ વખત આવે છે ત્યારે ચારે હાથપગમાં બીપીની ચકાસણી કરવામાં આવે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે હાથમાં બ્લોકેઝ બેઈન વેસલ્સ અને હાર્ટની ધમનીઓમાં બ્લોકેઝ સાથે સંબંધ ધરાવે છે.જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રિક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. કે ઈન્ડોથેલિયમના નાઈટ્રિક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.


Cyber Octet™
CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD
BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD
Learn Ethical Hacking & Cyber Security
WHY JOIN CYBER OCTET ?
LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
TASK AND RESEARCH BASED TRAINING
100 % PLACEMENT ASSISTANCE
LIVE PROJECTS
INTERNATIONAL ACCREDIATION
TRAINING BY:-
THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT
ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)
WHO CAN JOIN
STUDENTS
WORKING PROFESSIONALS
BUSINESS OWNERS
Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad
91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com

# સ્વાદમાં કડવા લાગતા કારેલા સ્વાસ્થ્ય માટે મીઠા



કારેલાનું નામ સાંભળીને મોટાભાગના લોકોના મોઢામાં કડવાશનો અનુભવ થાય છે. પરંતુ સ્વાદમાં કડવા લાગતા આ સબજી સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. કારણ કે કારેલામાં ખૂબ ઓછી કેલેરી અને સૌથી વધુ ફાઈબરનું પ્રમાણ હોવાથી તે ડાયાબિટીસના દર્દીઓ અને ખાસ સગર્ભા મહિલાઓ માટે આવકારદાયક સાબિત થાય છે. કારેલામાં પોટેશિયમ, કેલ્શિયમ, આયર્ન, મેગ્નેશિયમ સહિતના પોષકતત્વો છે જે શરીર માટે ખૂબ જ ગુણકારી હોય છે.

બ્લડ સુગર કંટ્રોલમાં આવે છે : 100 ગ્રામ કારેલાનું સેવન કરવાથી બ્લડ સુગર આસાનીથી કંટ્રોલમાં આવી શકે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે કારેલાને આશીર્વાદરૂપ ગણવામાં આવે છે. કારણ કે તેમાં ચારેન્ટિન અને પોલિપેપ્ટાઈડ-પી જેવા તત્વો હોય છે, જે ઈન્સ્યુલિનના ઉત્પાદનમાં વધારો કરે છે.

વધતા વજનને પણ કરી શકે છે કંટ્રોલ : સૌથી ઓછી કેલેરી અને વધુ ફાઈબરથી ભરેલા કારેલા વજનને પણ કંટ્રોલમાં કરી શકે છે જે વજન ઘટાડવા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. ફાઈબરના સેવાનથી ભૂખ સંતોષી શકાય છે. જેથી તે ખૂબ જ ઉપયોગી છે.

લિવર પણ સ્વસ્થ રાખે છે : સર્વેમાં જાણવા મળતા પરિણામ મુજબ કારેલાના સેવનથી લિવર પણ સ્વસ્થ રહે છે અને કારેલામાં ઓક્સિડેવિટ તત્વ હોય છે જે તણાવ દૂર કરી લિવરને કાર્ય કરવામાં મદદરૂપ થાય છે. બીજી બાજુ વિટામીન c થી ભરપૂર કારેલા ઈમ્યુનિટી માટે પણ ખૂબ આવકારદાયક ગણવામાં આવે છે. તેનાથી બીમારીઓથી બચવામા મદદ મળે છે અથવા ઈન્ફેક્શનનો ખતરો પણ ટળી જતો હોય છે.

# રાત્રે સૂતા પહેલા ચહેરા પર લગાવો એલોવેરા જેલ ચહેરો ચમકી જશે



**સ્કિનને હાઇડ્રેટ લગાવો એલોવેરા જેલ** | રાત્રે ચહેરા પર એલોવેરા જેલ લગાવવાથી સ્કિન હાઈડ્રેટ રહે છે. એલોવેરા જેલમાં પાણી હોય છે. પાણી સ્કિનની સાથે-સાથે શરીરને પણ હાઈડ્રેટ કરવાનું કામ કરે છે. ડ્રાય સ્કિન પર એલોવેરા જેલ લગાવવાથી ત્વચા સોફ્ટ થવા લાગશે.

મોટાભાગની છોકરીઓ ગ્લોઈંગ અને સ્મૂધ ત્વચા ઈચ્છે છે. એલોવેરા જેલ તમામ પ્રકારની ત્વચા માટે પર્ફેક્ટ હોય છે. તેથી જ આ જેલ લગાવવાની સલાહ તમામ ઉંમરની મહિલાઓને આપવામાં આવે છે. જ્યારે તમે રાત્રે એલોવેરા જેલ તમારી ત્વચા પર લગાવીને સૂવો છો, ત્યારે તે તમારી ત્વચાની સાથે એક અલગ અને વધુ અસરકારક રીતે વ્યવહાર કરે છે. જેની અસર તમે બીજા દિવસે સવારે તમારી ત્વચા પર જોઈ શકો છો. રાત્રે એલોવેરા જેલ લગાવીને સૂવાથી તમે આ વાતને સરળતાથી નોટિસ કરી શકો છો કે આ જેલને દિવસે લગાવવાથી જેટલો ફાયદો થાય છે, તેની તુલનામાં રાત્રે આ જેલ લગાવીને સૂવાથી ઘણો વધારે ફાયદો થાય છે.

એલોવેરા જેલમાં હોય છે આ વિટામિન એલોવેરા જેલ ત્વચાને પોષણ આપવામાં મદદ કરે છે. તેમાં વિટામિન્સ, મિનરલ્સ અને એન્ટી-ઓક્સીડેન્ટ મળી આવે છે, જે હેલ્ધી સ્કિન માટે ફાયદાકારક હોય છે. એલોવેરા જેલમાં વિટામિન A, C અને E મળી આવે છે. આ વિટામિન્સ ફ્રી રેડિકલ્સથી થતા નુકસાનથી સ્કિનને બચાવવાનું કામ કરે છે.

## આ રીતે કરો એલોવેરા જેલનો ઉપયોગ

સૌથી પહેલા ચહેરાને સારી રીતે સાફ કરી લો, જેથી ત્વચા પર રહેલી ગંદકી સાફ થઈ જાય. ચહેરાને સાફ કરવા માટે ક્લીંઝરનો ઉપયોગ કરો. હવે હથેળી પર થોડું એલોવેરા જેલ લો. જેલને ચહેરા પર લગાવી લો. હળવા હાથથી ચહેરાને ઘસો અને જેલને ત્વચામાં અબ્જૉર્બ થવા દો. જો તમે ઈચ્છો તો એલોવેરા જેલમાં નારિયેળ તેલ અને ગુલાબજળ મિક્સ કરીને લગાવી શકો છો.



# ઘરે બનાવો રેસ્ટોરન્ટ જેવા ટેસ્ટી રેડ સોસ પાસ્તા...

ઇટાલિયન ફૂડ હોવા છતાં બાળકો અને યુવાનોની વચ્ચે ફાસ્ટ ફૂડ તરીકે પાસ્તા ખૂબ જ લોકપ્રિય બન્યા છે. બજારમાં અનેક વેરાયટીમાં પાસ્તા મળે છે. બાળકો માટે પણ નાસ્તા તરીકે પાસ્તા એક સારો વિકલ્પ બની શકે છે. આ વાનગીને ઘરે ખૂબ જ સરળતાથી તૈયાર કરી શકાય છે. આજે અમે તમને રેડ સોસ પાસ્તા બનાવવાની એક સરળ રીત જણાવવા જઈ રહ્યા છીએ.

## રેડ સોસ પાસ્તા બનાવવાની રીત

આ રેસીપી બનાવવા માટે સૌથી પહેલાં આપણે સોસ તૈયાર કરીશું. આ માટે એક પેનમાં ટામેટાં નાખો અને તેને બાફો. હવે તેમાં ડુંગળી, લસણ અને તજ ઉમેરો. પછી પાણી ઉમેરો. તે પછી મીઠું અને ખાંડ ઉમેરો અને સારી રીતે મિક્સ કરી દો.

હવે પેનને ઢાંકી દો અને ટામેટાંને ઉકળવા દો. 5થી 7 મિનિટ પછી તેને ઠંડુ થવા દો અને તેને પીસીને પ્યુરી બનાવી લો. હવે એક બીજી કડાઈમાં તેલ ગરમ કરો. તેમાં ડુંગળી, લસણ નાખો. ત્યારબાદ તેમાં તૈયાર કરેલી પ્યૂરી મિક્સ કરો. પ્યુરી અડધી ન થાય ત્યાં સુધી તેને ઉકળવા દો. હવે પાસ્તા બનાવવાનું શરૂ કરો. સૌથી પહેલા પાણી ગરમ કરો, પછી તેમાં મીઠું નાખીને ઉકાળો. પછી તેમાં પાસ્તા ઉમેરો. જ્યારે પાસ્તા સારી રીતે ઉકળી જાય ત્યારે તેનું પાણી કાઢી લો. પાસ્તાને ઉકાળતી વખતે આ વાત ધ્યાનમાં રાખો કે તે વધારે ન ઉકળે. પાસ્તા સારી રીતે તૈયાર થઇ જાય એટલે તેને તૈયાર કરવામાં આવેલા રેડ સોસમાં સારી રીતે મિક્સ કરો. હવે નાસ્તા માટે તમારા પાસ્તા તૈયાર છે.

| સોસ બનાવવા માટે | પાસ્તા બનાવવા માટે |
|---|---|
| ટામેટા- 5-6, પાણી - 1/2 કપ, ડુંગળી - 1, લસણ - 1, ખાંડ - 1/2 ચમચી, તજનું પાન -1 | પાસ્તા - 100 ગ્રામ, તેલ- 1 વાટકી, પાણી - 3 કપ, મીઠું - સ્વાદ મુજબ |

# હેરની હેલ્થી બનાવવા માટે વિટામિન-ઈ કેપ્સૂલનો કરો ઉપયોગ!



પોષણના અભાવ અને અવ્યવસ્થિત દિનચર્યાના કારણે ત્વચામાં ડ્રાયનેસ આવી જાય છે, તેની સાથે જ વાળ પણ ખરવા લાગે છે. આવી સ્થિતિમાં વિટામિન-E કેપ્સ્યુલ્સ તેને સ્વસ્થ રાખવામાં મદદરૂપ થાય છે. વિટામિન Eના હાઈડ્રેટિંગ અને એન્ટી-એજિંગ ગુણ ત્વચા અને વાળ માટે ખૂબ જ અસરકારક છે.

## વાળને સોફ્ટ બનાવવા આ રીતે ઉપયોગ કરો

વાળ લાંબા અને જાડા હોય પરંતુ સોફ્ટ ન હોય તો શું ફાયદો. તેથી જ સોફ્ટ વાળ માટે શેમ્પૂથી લઈને હેર માસ્ક પણ મળે છે. સોફ્ટ વાળ માટે પણ વિટામિન E કેપ્સ્યુલ મદદરૂપ છે. વિટામીન E જેલમાં ઈંડાને મિક્સ કરીને વાળમાં લગાવો. આ માસ્કને વાળમાં 2થી 3 કલાક સુધી રહેવા દો. જ્યારે તે સારી રીતે સુકાઈ જાય, ત્યારે વાળને ધોઈ લો.

## વાળને મજબૂત બનાવવા આ રીતે ઉપયોગ કરો

શું તમે જાણો છો કે વાળમાં વિટામિન E કેપ્સ્યુલના ઉપયોગથી તે મજબૂત થઈ શકે છે? મજબૂત વાળ માટે તમારે બદામના તેલમાં વિટામિન E કેપ્સ્યુલમાંથી જેલને કાઢીને મિક્સ કરો, તેલને ગરમ કરી લો. હવે તેલને વાળના મૂળમાં સારી રીતે લગાવો. આખી રાત વાળમાં તેલ લગાવીને રહેવા દો. બીજા દિવસે સવારે માઈલ્ડ શેમ્પૂની મદદથી વાળને ધોઈ લો. વાળમાં આ રીતે વિટામિન E જેલનો ઉપયોગ કરવાથી તે મજબૂત થઈ શકે છે.

## લાંબા વાળ માટે આ રીતે ઉપયોગ કરો

લાંબા વાળ માટે બજારમાં મળતા મોંઘા શેમ્પૂને બદલે તમે વિટામીન E કેપ્સ્યુલનો ઉપયોગ કરી શકો છો. આ માટે તમારે ડુંગળીની પણ જરૂર પડશે. ડુંગળીને છોલીને કાપી લો. હવે તેનો રસ કાઢી લો. ડુંગળીના રસમાં વિટામિન E જેલ મિક્સ કરો. આ મિશ્રણને વાળમાં સારી રીતે લગાવો. અઠવાડિયામાં બે વાર ડુંગળીનો રસ અને વિટામિન E કેપ્સ્યુલના મિશ્રણને વાળ પર લગાવવાથી હેર ગ્રોથ થાય છે.

# માટીના વાસણમાં દહીં જમાવવાના અનેક ફાયદા



આપણે બધા ઘરમાં દહીં જમાવી છીએ. આપણે દહીંને સ્ટીલ અથવા પ્લાસ્ટિકના વાસણોમાં જમાવવા માટે રાખીએ છીએ, પરંતુ શું તમે ક્યારેય માટીના વાસણમાં દહીં જમાવ્યું છે. દહીં જમાવવું આ ખૂબ જૂની રીત છે. બજારમાં લસ્સીની દુકાનમાં પણ દહીં માટીના વાસણમાં રાખવામાં આવે છે. કારણ કે તેના અસંખ્ય ફાયદાઓ છે. સામાન્ય વાસણોમાં બનતા દહીં કરતાં માટીના વાસણમાં દહીંનો સ્વાદ વધુ સારો હોય છે. તે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ ખૂબ જ સારું છે. તે એકદમ કુદરતી અને શુદ્ધ રહે છે. તેનો સ્વાદ પણ ઘણો સારો રહે છે.

- માટીનું વાસણ સામાન્ય તાપમાન બનાવવામાં મદદ કરે છે. તેના કારણે બહારના તાપમાનની વધઘટ દહીં પર અસર કરતી નથી. દહીં સંપૂર્ણ રીતે જામી જાય છે.
- સમય વધવાથી તેની ખાટાશ પણ ઝડપથી વધતી નથી. માટીનું વાસણ દહીંની એસિડિક સામગ્રીને શોષી લે છે અને તેને આલ્કલાઈન બનવા દેતું નથી.
- આ સિવાય માટીના વાસણમાં દહીં રાખવાથી દહીંમાં રહેલા કેલ્શિયમ, આયર્ન અને ફોસ્ફરસ જેવા સૂક્ષ્મ પોષકતત્વો પણ વધે છે.
- દહીંનો સ્વાદ પણ બમણો થઈ જાય છે. દહીંમાં માટીના વાસણની મીઠી સુગંધ પણ આવે છે, જે ખાવામાં ખૂબ જ સરસ લાગે છે.
- આમાં દહીં ઘટ્ટ થાય છે. તેનું વધારાનું પાણી માટીના વાસણો દ્વારા શોષાય છે, જેના કારણે દહીં જાડુ બને છે.

## માટીના વાસણમાં દહીં કેવી રીતે જમાવવું

દૂધને સારી રીતે ઉકાળો અને તેને થોડું ઠંડુ થવા દો. જ્યારે દૂધ હળવું ઠંડુ રહે ત્યારે તેમાં થોડું દહીં ઉમેરો. હવે ઉપર એક વાસણ મૂકીને તેને ઢાંકી દો. દહીંને એક જગ્યાએ 5 થી 7 કલાક માટે રહેવા દો. તમારું દહીં એકદમ તૈયાર થઈ જશે.

# ડાયાબિટીસના દર્દીઓ માટે ચણાના લોટની રોટલી બેસ્ટ



તણાવ અને ખરાબ લાઈફસ્ટાઈલના કારણે આજકાલ ડાયાબિટીસની સમસ્યા ઝડપથી વધી રહી છે. તમામ પ્રયાસો છતાં પણ લોકો આ ખતરનાક બીમારીથી પોતાને બચાવી શકતા નથી. મુશ્કેલી એ પણ છે કે એકવાર ડાયાબિટીસની સમસ્યા થઈ જાય તો અનેક રોગોનો ખતરો વધી જાય છે. આવી સ્થિતિમાં, બ્લડ સુગર લેવલને મેન્ટેઈન રાખવા માટે તમારા ખાન-પાનમાં ઘણો ફેરફાર કરવાની જરૂર છે. જો તમે ડાયાબિટીસના દર્દી છો, તો ડાયેટમાં પુષ્કળ પ્રમાણમાં ફાઈબર અને પ્રોટીનનો સમાવેશ કરવાની સલાહ આપવામાં આવે છે. ચણાનો લોટ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં ઘણા જરૂરી પોષક તત્વો મળી આવે છે જે શરીરને અનેક રીતે ફાયદો કરે છે.

ચણાની દાળ અથવા બેસન - જો તમે ચણાની દાળ એટલે કે બેસનની રોટલીનું સેવન કરો છો, તો તે ડાયાબિટીસના દર્દીઓ માટે તેના ઓછા ગ્લાયસેમિક ઈન્ડેક્સને કારણે ખૂબ જ ફાયદાકારક છે. તે ઘઉંની તુલનામાં શુગર લેવલને સામાન્ય રાખવામાં મદદ કરે છે. એટલા માટે ડાયાબિટીસના દર્દીઓએ ચણાના લોટની રોટલી ખાવી જ જોઈએ. ચણાના લોટમાં મેગ્નેશિયમ, પોટેશિયમ, ઝિંક, પ્રોટીન, ફાઈબર અને આયર્ન ભરપૂર માત્રામાં હોય છે. આ સાથે ચણાના લોટમાં વિટામિન-બી હોય છે, જે પેટ માટે ફાયદાકારક છે. ચણાના લોટમાં ભરપૂર પ્રમાણમાં મળી આવતું ફાઈબર કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. ત્યારે જાણો ચણાના લોટના ફાયદા વિશે.

## ચણાના લોટથી શરીરને મળશે આ ફાયદા

- ડાયાબિટીસના દર્દીઓ માટે ચણાનો લોટ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તે ઓછા કાર્બોહાઈડ્રેટ ખોરાકમાં ગણવામાં આવે છે. તેનો ગ્લાયકેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. તેના સેવનથી બ્લડ શુગર લેવલ વધશે નહીં. તેથી તેના સેવનથી બ્લડ શુગર લેવલને કંટ્રોલ કરી શકાય છે.
- ચણાના લોટમાં વિટામિન-બીની સાથે થિયામીન (B1), રાઈબોફ્લેવિન (B2), નિયાસિન (B3), વિટામિન B6 અને ફોલેટ મળી આવે છે. આ વિટામિન્સ પાચનતંત્ર, નર્વસ સિસ્ટમ અને રેડ બ્લડ સેલ્સને વધારવામાં મદદ કરે છે.
- ચણાના લોટમાં મેગ્નેશિયમ, પોટેશિયમ, ફોસ્ફરસ વગેરે જેવા તત્વો મળી આવે છે, જે શરીરને શક્તિ આપે છે. ચણાના લોટના સેવનથી રોગપ્રતિકારક શક્તિની સાથે હાડકા પણ મજબૂત બને છે.
- ચણાના લોટમાં ઝિંક અને વિટામિન-ઈ ભરપૂર માત્રામાં હોય છે. જે એન્ટીઑકિસડન્ટ તરીકે કામ કરે છે. ચણાનો લોટ સ્કિન ડેમેજ થતા અટકાવે છે. ચણાના લોટનો પેક સ્કિન પર લગાવવાથી ગ્લો આવશે.

# સવારે ખાલી પેટ પપૈયું ખાવું સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક



શરીરને ફિટ રાખવા માટે ફળો ખાવા ખૂબ જરૂરી છે. તેનાથી આપણા શરીરને જરૂરી પોષક તત્વો મળે છે. આમાં ઘણા પ્રકારના વિટામીન, મિનરલ્સ, એન્ઝાઈમ જોવા મળે છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. ફળ ખાવાથી પાચન સંબંધી સમસ્યાઓ દૂર થાય છે. જો કે કેટલાક ફળો ખાલી પેટ ન ખાવાની સલાહ આપવામાં આવે છે, જ્યારે કેટલાક ફળો સવારે ખાલી પેટ ખાવા ફાયદાકારક માનવામાં આવે છે. તો ચાલો જાણીએ કે સવારે ખાલી પેટે કયા ફળ ખાવાથી ફાયદો થઈ શકે છે.

**પપૈયું :** પપૈયા સવારે ખાલી પેટે પપૈયું ખાવું પાચન માટે સારું માનવામાં આવે છે. આ ફળ સવારે વહેલા ખાવાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા થાય છે. આના કારણે તમારા શરીરમાંથી તમામ ઝેરી તત્વો દૂર થાય છે, સાથે જ કોલેસ્ટ્રોલનું સ્તર પણ ઘટે છે અને કબજિયાતની ફરિયાદ દૂર થાય છે.

**કિવિ :** સવારે કીવી ખાવાના ઘણા ફાયદા છે. તેમાં ફાઈબર પૂરતી માત્રામાં જોવા મળે છે, જે પાચનતંત્રને સ્વસ્થ રાખે છે. ડેન્ગ્યુની બીમારીમાં કીવી ખાવી ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે.

**એપલ :** સફરજન સ્વાસ્થ્ય માટે વરદાનથી ઓછું નથી. તેનાથી વજન કંટ્રોલમાં રહે છે અને બીમારીઓ પણ દૂર થાય છે. જો તમે કબજિયાતથી પરેશાન છો તો સવારે ખાલી પેટ ચોક્કસથી સફરજન ખાઓ.

**દાડમ :** દાડમમાં વિપુલ પ્રમાણમાં એન્ટી-ઓક્સિડન્ટ અને બળતરા વિરોધી ગુણો પણ હોય છે. ખાલી પેટ દાડમ ખાવાના ઘણા ફાયદા છે. આના કારણે શરીરમાં આયર્નની સપ્લાય થાય છે.

# નેતન્યાહુની મુશ્કેલી વધી । ગાઝા પર કબજો કરવા વિરુદ્ધ ઈઝરાયલમાં જ લાખો લોકો માર્ગો પર ઊતર્યા



ગાઝા : ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુનો ગાઝા શહેર પર કબજો કરવાના ખતરનાક પ્લાન અંગે ઘણા દેશો ગુસ્સે ભરાયા છે, ત્યારે ઈઝરાયલમાં જ હવે તેમની સામે વિરોધ પ્રદર્શન શરૂ થયા છે. શનિવારે, ઈઝરાયલના તેલ અવીવમાં લાખો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ગાઝામાં ચાલી રહેલા યુદ્ધને રોકવાની માંગ કરી હતી.ઈઝરાયલી સરકારે ગાઝા શહેર પર કબજો કરવાના પ્લાનને મંજૂરી આપ્યાના એક દિવસ પછી આ દેખાવ કરાયા હતા. દેખાવકારોએ હમાસની કેદમાં રહેલા બંધકોની તસવીરો અને બેનરો લહેરાવ્યા હતા અને સરકારને તેમની મુક્તિ માટે વાટાઘાટો કરવા કહ્યું હતું. દરમિયાન, તૂર્કીયેએ મુસ્લિમ દેશોને એક થવા અપીલ કરી છે. તૂર્કીયેના વિદેશમંત્રી હકાન ફિદાને ગાઝા શહેર પર કબજો કરવાની ઈઝરાયલની યોજનાને 'ખતરનાક અને ગેરકાયદેસર' ગણાવી હતી. તૂર્કીયેએ તેને ઈઝરાયલની 'નરસંહાર અને વિસ્તરણવાદી નીતિઓ'નો નવો તબક્કો ગણાવ્યો હતો, જ્યારે ઈઝરાયલે આ આરોપોને નકારી કાઢ્યા હતા. દેખાવોમાં સામેલ એક મહિલાએ ચેતવણી આપી હતી કે, 'નેતન્યાહુ, જો ગાઝા પર હુમલો કરવામાં આવશે અને બંધકોને મારી નાખવામાં આવશે, તો અમે દરેક શેરીમાં, દરેક ચૂંટણીમાં તમારો પીછો કરીશું.' ૨૦૨૩ માં, હમાસના હુમલામાં ૨૫૧ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા, જેમાંથી ૪૯ હજુ પણ ગાઝામાં કેદમાં છે. તેમાંથી ૨૭ લોકોના મોત થયાના અહેવાલ છે.

## કાજોલ રાજ કપૂરગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરતી વખતે ભાવુક થઇ



। મુંબઇ, તા.૧૧ ।

કાજોલને ૫મી ઓગ્સ્ટે મુંબઈમાં ૬૧મા મહારાષ્ટ્ર રાજ્ય મરાઠી ફિલ્મ પુરસ્કાર સમારોહમાં રાજ કપૂર ગોરવ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. અભિનેત્રીને આ સમ્માન હિંદી મનોરંજન જગતમાં ૩૩ વરસોના અમુલ્ય યોગદાન માટે રાજ કપૂર ગૌરવ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવી હતી. આ જ દિવસે અભિનેત્રીનો ૫૧મો જન્મદિવસ હોવાથી આ પુરસ્કાર તેનો વિશેષ રહ્યો હતો.આ પુરસ્કાર સાથે તેને એક ટ્રોફી અને ૬ લાખ રૂપિયા રોકડ મળ્યા હતા.ઉલ્લેખનીય છે કે, ૨૦૧૧માં કાજોલને ભારત સરકારે પદ્મશ્રી પુરસ્તારથી સમ્મનિત કરી હતી.કાજોલ આ પુરસ્કાર લેતા ભાવુક થઈ ગઈ હતી. તેણે મંચ પરથી જણાવ્યું હતું કે, આ દિવસ મારા માટે બહુ જ સમ્માનનો છે. મારી માતા તનુજા આ પ્રસંગે મારી સાથે હાજર છે એટલું નહીં મેં આજે તેની સાડી પહેરી છે. આ સાથે એક ખાસ વાતએ પણ છે કે, મારી માતા તનુજાને પણ આ જ મંચ પરથી આ જ પુરસ્કાર માટે સમ્માનિત કરવામાં આવી હતી. આજે આ પુરસ્કાર મને મળી રહ્યો છે તે મારા માટે ગર્વ અને સોભાગ્યી વાત છે. આજે મને મારી કારકિર્દી સફળ થઇ રહેલી જણાય છે. કાજોલે હિંદી ફિલ્મોમાં ૧૯૯૨થી ફિલ્મ બેખુદીથી ડેબ્યુ કર્યું હતું.

### યુક્રેનનું ભવિષ્ય ટ્રમ્પના હાથમાં!

# રશિયા-અમેરિકાની હાઈલેવલ બેઠક પહેલા યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીનું ટેન્શન વધ્યું

**ટ્રમ્પે આઠ ઓગસ્ટના રોજ એક નિવેદનમાં કહ્યું હતું કે, તે પુતિન સાથે મુલાકાત કરવાના છે । યુક્રેને અનેક શરતો પર તૈયારી દર્શાવી પડશે. જમીનની અદલા-બદલીનો પ્રસ્તાવ પણ છે**

। વોશિંગ્ટન, તા.૧૧ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને પ્રમુખ પુતિન વચ્ચે ૧૫ ઓગસ્ટના રોજ બેઠક યોજાવાની છે. આ બેઠક અલાસ્કામાં યોજાવાની છે. આ બેઠકમાં રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા પર વાત થશે. અમેરિકા આ બેઠકમાં યુક્રેનને સામેલ કરવાની વિચારણા કરી રહ્યું છે. જોકે, આ મુલાકાત પહેલાં જ એક કથિત શાંતિ યોજના મુદ્દે વિવાદ સર્જાયો હતો.

કીવ ઈન્ડિપેન્ડન્ટના રિપોર્ટ અનુસાર, શાંતિ યોજનામાં યુક્રેનના અમુક વિસ્તારો રશિયાને સોંપવાના બદલામાં યુદ્ધ ખતમ કરવાની જોગવાઈ છે. રશિયા ઈચ્છે છે કે, યુક્રેન પોતાની બે મોટી જમીન ડોનેટ્સ્ક અને લુહાંસ્ક ખાલી કરે. બદલામાં રશિયા ખારકીવ અને સુમી જેવા નાના વિસ્તારોમાંથી પોતાની સેના પાછી ખેંચી લેશે. પુતિને ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ વિશે પણ જણાવ્યું હતું. આ પ્રસ્તાવને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ ફગાવી દીધો હતો.

રશિયા જાપોરિઝિયા અને ખેરસોનમાં ચાલુ યુદ્ધને રોકી શકે છે. પરંતુ આ યુદ્ધમાં ૭૦ ટકાથી વધુ જમીન પર કબજો મેળવી લીધો હોવાથી તે કબજો પોતાની પાસે જ



રાખવા માગે છે. રશિયાની આ શરત પર યુક્રેનના એક અધિકારીએ રોષ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, અમારી સેનાને પોતાની જમીન છોડવાનો આદેશ કોણ આપશે. રશિયા વિશ્વને જણાવવા માગે છે કે, યુક્રેન ટ્રમ્પની આકર્ષક યોજનાને ફગાવી રહી રહ્યું છે. આ પગલાં સાથે રશિયા વિશ્વને ગેરમાર્ગે દોરવા માગે છે. રશિયા જમીનના બદલામાં શાંતિ ઈચ્છે છે. જે તેનો રાજકીય દાવ છે.

ટ્રમ્પે આઠ ઓગસ્ટના રોજ એક નિવેદનમાં કહ્યું હતું કે, તે પુતિન સાથે મુલાકાત કરવાના છે. યુક્રેને અનેક શરતો પર તૈયારી દર્શાવી પડશે. જમીનની અદલા-બદલીનો પ્રસ્તાવ પણ છે. જો કે, યુક્રેન કોઈપણ રીતે જમીન આપવા તૈયાર નથી. ગત શનિવારે ઝેલેન્સ્કીએ ગુસ્સામાં નિવેદન આપ્યું હતું કે, યુક્રેનનું બંધારણ જમીનનું રક્ષણ કરે છે. એક ઈંચ જમીન પણ રશિયાને આપીશું નહીં. જેથી બંને દેશ વચ્ચે શાંતિ મંત્રણામાં આ શરત અવરોધ સર્જી શકે છે.

અમેરિકા અને રશિયાના પ્રમુખ ૧૫ ઓગસ્ટે બેઠક કરવાના છે. જેમાં યુક્રેનને સામેલ કરવામાં આવ્યું નથી. જે વિશ્વભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. જો કે, વ્હાઈટ હાઉસ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને પણ આ બેઠકમાં સામેલ કરવા વિચારણા કરી રહી છે. વ્હાઈટ હાઉસના એક અધિકારીએ જણાવ્યું કે, આ મુદ્દે ચર્ચાઓ થઈ રહી છે.

### વોલોદીમીર-ઝેલેન્સ્કીનો કટાક્ષ ભર્યો આક્રોશ

## યુદ્ધ ક્ષેત્રથી ઘણે દૂર આલાસ્કામાં પુતિન, ટ્રમ્પ મંત્રણા યોજાઈ રહી છે

**અમે એક તસુ પણ જમીન રશિયાને આપવા તૈયાર નથી : યુદ્ધ બંધ કરવા માટે ટ્રમ્પની સૂચિત દરખાસ્ત સ્વીકાર્ય નથી : ઝેલેન્સ્કી**

। નવીદિલ્હી, તા.૧૧ ।

આગામી સપ્તાહે (૧૫-ઓગસ્ટે) રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિનને આલાસ્કામાં મળવા યુક્રેન યુદ્ધ સંબંધે ચર્ચા કરવા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરેલી દરખાસ્ત પુતિને તો સ્વીકારી લીધી છે. તેઓ ૧૫મી ઓગસ્ટે ત્યાં પહોંચી જ જવાના છે. પરંતુ તેની સામે યુક્રેનના પ્રમુખ વોલોદોમીર ઝેલેન્સ્કીને સખત વાંધો છે. તેઓએ તે અંગે કટાક્ષસભર આક્રોશ ઠાલવતાં શુક્રવારે કહ્યું હતું કે, યુદ્ધ ક્ષેત્રથી ઘણે દૂર આલાસ્કામાં આ મંત્રણા યોજાવાની છે. તેનો અર્થ શો છે ?ઉલ્લેખનીય છે કે યુક્રેન યુદ્ધ બંધ કરવા માટે પ્રમુખ ટ્રમ્પે એવું વિચાર્યું છે કે યુક્રેનના જે ચાર પ્રાંતો રશિયાના કબજામાં છે, તેમજ ૨૦૧૪માં રશિયાએ કાળા સમુદ્રમાં આવેલા ક્રીમિયન દ્વિપકલ્પ ઉપર કબજો જમાવ્યો છે, તે બધું રશિયા તેના તાબામાં રાખે.આ સામે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને સખત વિરોધ છે. તેવો કહે છે કે એક તસુ જેટલી અમારી જમીન રશિયા લઈ જાય તે અમોને સ્વીકાર્ય નથી.આ આ સાથે તેઓએ તે સામે પણ સખત વાંધો ઉઠાવ્યો છે કે, યુક્રેન વિષે ચર્ચા કરવામાં યુક્રેનને જ બાદ રાખો તે ચલાવી જ નહીં શકાય. તેઓ જે ઉકેલ લાવશે તે મૃત-ઉકેલ (ડેડ-સોલ્યુશન) બની રહેશે.આ અંગે અંતરંગ વર્તુળો જણાવે છે કે ૧૫મી ઓગસ્ટે આલાસ્કામાં યોજાનારી આ મંત્રણા માટે પ્રમુખ ટ્રમ્પે ઘણું ગ્રાઉન્ડ વર્ક કર્યું છે, કરી રહ્યા પણ છે. તેઓ સાડા ત્રણ વર્ષથી ચાલી રહેલું આ યુદ્ધ બંધ કરવા માગે છે.બીજી તરફ ઝેલેન્સ્કી અને તેના તંત્રનો આગ્રહ છે કે તે મંત્રણા ત્રિપક્ષીય જ હોવી જોઈએ.ઝેલેન્સ્કીને આશંકા છે કે પ્રમુખ ટ્રમ્પ રશિયાએ કબજે કરેલો વિસ્તાર રશિયાને આપવા માગે છે અને તે રીતે પણ યુદ્ધ બંધ થાય તો બંધ કરવા માગે છે. આ સામે આક્રોશ ઠાલવતાં ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે યુક્રેન તેની ભૂમિ કબજો કરનારને આપવા તૈયાર નથી. વાસ્તવમાં યુક્રેનનાં સંવિધાનમાં જ તે વિસ્તારોનો ઉલ્લેખ છે. તે સત્ય ખ્યાલમાં રાખી અમે અમારી એક તસુ પણ ભૂમિ બીજાને આપવા તૈયાર નથી. આપી શકીએ પણ નહીં. ટૂંકમાં યુક્રેન-શાંતિ મંત્રણા શરૂ થાય તે પહેલાં જ તેમાં અવરોધ ઉભા થતા જાય છે.૨૦૧૪માં રશિયાએ કાળા સમુદ્રમાં આવેલા ક્રીમિયન દ્વિપકલ્પ ઉપર કબજો જમાવ્યો છે, તે બધું રશિયા તેના તાબામાં રાખે.આ સામે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને સખત વિરોધ છે.

## પ્રિયંકા ચોપરાની એક ક્રિપ્ટિક પોસ્ટ જોઇને ચાહકો આશ્ચર્યમાં





। મુંબઈ, તા.૧૧ ।

પ્રિયંકા ચોપરા સોશયલ મીડિયા પર એકટિવ છે અને પોતાના પ્રશંસકો માટે પોતાની તેમજ પતિ અને પુત્રી સાથેની તસવીરો શેર કરતી રહે છે. પરંતુ હાલમાં તેણે એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી છે જે જોઈને તેના ચાહકો આશ્ચર્યમાં પડી ગયા છે. સાથેસાથે તેના પ્રશંસકો એમ પણ વિચારી રહ્યા છે કે, પ્રિયંકાનું કોઈએ અપમાન કર્યુ છે કે પછી તેનો વિશ્વાસઘાત થયો હશે. પ્રિયંકાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ જે પોસ્ટ કર્યું છે,તેણે લખ્યું છે કે, હું સૌથી સારી અને સમજદાર વ્યક્તિ છું. પરંતુ મને બેઈજ્જત કરશો તો સમજી જજો કે જિંદગીમાં મારા ફક્ત ત્રણ મિત્રો જ કેમ છે આ મેસેજ જોઈને તેના ચાહકો આશ્ચર્યમાં પડી ગયા છે. અભિનેત્રીનો આ સંદેશો અંગત લાગવાની સાથેસાથે પ્રાસંગિક પણ લાગી રહ્યો છે. આ પહેલા અભિનેત્રીએ ઈન્ટાગ્રામ પર સ્ટોરી પર એકટ્રેસ રેખાનો એક જૂનો ફોટોશૂટની તસવીર શેર કરી હતી. સાથે તેણે લખ્યું હતું કે, બેટર એ બિચ દેન બેચારી. પ્રિયંકાની આ પોસ્ટની ચર્ચા થઈ હતી. પરંતુ તેણે આ પોસ્ટ શેર કરીને કોને નિશાના પણ લીધા હતા તે રહસ્ય જ રહ્યું હતું. પ્રિયંકા ચોપરા સોશયલ મીડિયા પર એકટિવ છે અને પોતાના પ્રશંસકો માટે પોતાની તેમજ પતિ અને પુત્રી સાથેની તસવીરો શેર કરતી રહે છે. પરંતુ હાલમાં તેણે એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી છે જે જોઈને તેના ચાહકો આશ્ચર્યમાં પડી ગયા છે.

## અપોલો ૧૩ મૂન મિશનના કમાન્ડર જેમ્સ લોવેલનું ૯૭ વર્ષે અવસાન

। શિકાગો, તા.૧૧ ।

અમેરિકાની અવકાશ સંસ્થા નાસાના એપોલો ૧૩ મૂન મિશનના કમાન્ડર જેમ્સ લોવેલનું ૯૭ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. લોવેલે ૧૯૭૦ના નિષ્ફળ અપોલો મૂન મિશનનું નેતૃત્વ કરતા ઉડ્ડયન વખતે એન્જિનિયરિંગની કમાલથી ધરતી પર પાછા ફરવામાં સફળતા મેળવી હતી. તેમણે ચાર વખત અવકાશયાત્રા કરી હતી અને ૭૧૫ કલાકથી વધુનો સમય અવકાશમાં પસાર કર્યો હતો. નાસાએ જણાવ્યું હતું કે, ઈલિનોઈસના લેક ફોરેસ્ટમાં વોલેલનું નીધન થયું હતું.

જેમ્સ લોવેલના પરિવારે તેમના નિધનની માહિતી આપતા કહ્યું કે, અમારા પ્રિય પિતા, યુએસએન કેપ્ટન એ જિમ લોવેલ, નેવી પાયલટ, અધિકારી, અવકાશ યાત્રી, નેતા અને સંશોધકના નિધનથી અમને ખૂબ જ દુઃખ થયું છે. તેમના પરિવારે વિનંતી કરી છે કે આ દુઃખના સમયમાં તેમને એકલા છોડી દેવામાં આવે. લોવેલ નાસાના પહેલા દાયકામાં સૌથી વધુ પ્રવાસ કરનારા અવકાશયાત્રીઓમાંના એક હતા. તેમણે ચાર વખત જેમીની-૭, જેમીની-૧૨, અપોલો-૮ અને અપોલો-૧૩માં અવકાશનો પ્રવાસ કર્યો હતો. અપોલો-૮ મિશનમાં તેઓ ચંદ્રની ચારે તરફ ફર્યા હતા, જેથી ચંદ્રને ખૂબ જ નજીકથી બે વખત જોનારા તેઓ પહેલા અવકાશયાત્રી હતા.

## ઇઝરાયલના સુરક્ષા મંત્રીમંડળે મોટો નિર્ણય લીધો ગાઝા કબજે કરવાની યોજનાને મંજૂરી આપી

। ગાઝા, તા.૧૧ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. યુદ્ધ વચ્ચે ઈઝરાયલે મોટો નિર્ણય લીધો છે. વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું હતું કે ઈઝરાયલના સુરક્ષા મંત્રીમંડળે ગાઝા શહેર કબજે કરવાની યોજનાને મંજૂરી આપી છે. આ નિર્ણય શુક્રવારની વહેલી સવારે લેવામાં આવ્યો છે. ગુરુવારે શરૂ થયેલી અને રાતભર ચાલેલી સુરક્ષા કેબિનેટની બેઠક પહેલાં, નેતન્યાહૂએ કહ્યું હતું કે ઈઝરાયલ સમગ્ર પ્રદેશ પર ફરીથી નિયંત્રણ મેળવવા અને તેને હમાસ વિરોધી મૈત્રીપૂર્ણ આરબ દળોને સોંપવાની યોજના ધરાવે છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં હજારો લોકો પહેલાથી જ માર્યા ગયા છે. ગાઝાનો મોટો ભાગ નાશ પામ્યો છે અને લોકોને અહીં મૂળભૂત સુવિધાઓ પણ મળી શકતી નથી. આ બધા વચ્ચે, ગાઝામાં ઈઝરાયલી હુમલાઓ ચાલુ છે. આજે તે ગાઝાના એવા થોડા વિસ્તારોમાંનો એક છે જ્યાં ઈઝરાયલી બફર ઝોન બનાવવામાં આવ્યો નથી અને ત્યાંથી લોકોને બહાર કાઢવાનો આદેશ પણ આપવામાં આવ્યો નથી.આ દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે તાજેતરમાં ઈઝરાયલે બંધકોને મુક્ત કરવાની માંગ કરી હતી. એક વીડિયો સામે આવ્યો છે જેમાં એક બંધક એવયાતાર ડેવિડને પોતાની કબર ખોદતો દર્શાવવામાં આવ્યો છે. બંધકનો આ વીડિયો સામે આવ્યા બાદ ઈઝરાયલ ગુસ્સે ભરાયું છે. ઈઝરાયલી વિદેશ પ્રધાન ગિડીઓન સારએ કહ્યું હતું કે હમાસ બંધકોને ભૂખ્યા રાખી રહ્યું છે જ્યારે 'આતંકવાદીઓ માંસ, માછલી અને શાકભાજી ખાઈ રહ્યા છે.' સાર એ પણ દાવો કર્યો હતો કે ઈઝરાયલ 'મોટી માત્રામાં સહાય સામગ્રી' ગાઝા સુધી પહોંચવા આપી રહ્યું છે, પરંતુ હમાસ ખાદ્ય પદાર્થો લૂંટી રહ્યું છે અને તેને વેચીને પૈસા કમાઈ રહ્યું છે.

**બે મહિનામાં ૧૨૭ કરોડનો ફટકો** | **ઓપરેશન સિંદૂર બાદ ભારત સાથે તણાવ વધ્યા બાદ પાકિસ્તાને પોતાના હવાઈ ક્ષેત્રને બંધ કરવાના નિર્ણય લીધો હતો જે હવે તેને ભારે પડી ગયો**

# ભારત માટે એરસ્પેસ બંધ કરી પાકિસ્તાન પોતાનું જ નુકસાન કરી બેઠું

। નવી દિલ્હી, તા.૧૧ ।

ઓપરેશન સિંદૂર બાદ ભારત સાથે તણાવ વધ્યા બાદ પાકિસ્તાને પોતાના હવાઈ ક્ષેત્રને બંધ કરવાના નિર્ણય લીધો હતો જે હવે તેને ભારે પડી ગયો છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે ખુલાસો કર્યો છે કે ભારતીય વિમાનો માટે હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે તેને બે મહિનામાં લગભગ ૧૨૭ કરોડ ભારતીય રૂપિયા (૪.૧૦ અબજ પાકિસ્તાની રૂપિયા)નું નુકસાન થયું છે.આ માહિતી શુક્રવારે પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીમાં માહિતી શેર કરવામાં આવી હતી. ભારતે ૨૩ એપ્રિલે સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કર્યાના એક દિવસ પછી પાકિસ્તાને ભારતીય વિમાનો માટે



પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું હતું.

૨૪ એપ્રિલથી ૩૦ જૂન, ૨૦૨૫ સુધી લેવાયેલા આ પગલાથી પાકિસ્તાનને ભારે નાણાકીય નુકસાન થયું છે. આ સમયગાળા દરમિયાન લગભગ ૧૦૦-૧૫૦ ભારતીય વિમાનો પ્રભાવિત થયા હતા. જોકે, 'ડોન' અખબાર દ્વારા પાકિસ્તાનના સંરક્ષણ મંત્રાલયને ટાંકીને કહેવામાં આવ્યું છે કે સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય સંરક્ષણ આર્થિક હિતોથી ઉપર છે. પાક. સંરક્ષણ મંત્રાલયે એમ પણ કહ્યું કે ભલે નાણાકીય નુકસાન થયું હોય પરંતુ અમારા માટે દેશની સુરક્ષા સર્વોપરી છે. રસપ્રદ વાત એ છે કે આ નુકસાન છતાં, પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટીની કુલ આવક ૨૦૧૯ માં ઈ૫,૦૮,૦૦૦ થી વધીને ૨૦૨૫ માં ઈ૭,૬૦,૦૦૦ થઈ ગઈ છે. ઓપરેશન સિંદૂર બાદ ભારત સાથે તણાવ વધ્યા બાદ પાકિસ્તાને પોતાના હવાઈ ક્ષેત્રને બંધ કરવાના નિર્ણય લીધો હતો જે હવે તેને ભારે પડી ગયો છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે ખુલાસો કર્યો છે કે ભારતીય વિમાનો માટે હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે તેને બે મહિનામાં લગભગ ૧૨૭ કરોડ ભારતીય રૂપિયા (૪.૧૦ અબજ પાકિસ્તાની રૂપિયા)નું નુકસાન થયું છે.આ માહિતી શુક્રવારે પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીમાં માહિતી શેર કરવામાં આવી હતી. ભારતે ૨૩ એપ્રિલે સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કર્યાના એક દિવસ પછી પાકિસ્તાને ભારતીય વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું હતું.૨૪ એપ્રિલથી ૩૦ જૂન, ૨૦૨૫ સુધી લેવાયેલા આ પગલાથી પાકિસ્તાનને ભારે નાણાકીય નુકસાન થયું છે. આ સમયગાળા દરમિયાન લગભગ ૧૦૦-૧૫૦ ભારતીય વિમાનો પ્રભાવિત થયા હતા. જોકે, 'ડોન' અખબાર દ્વારા પાકિસ્તાનના સંરક્ષણ મંત્રાલયને ટાંકીને કહેવામાં આવ્યું છે કે સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય સંરક્ષણ આર્થિક હિતોથી ઉપર છે.

**ટ્રમ્પ વિશ્વભરના અનેક દેશો પર ટેરિફ ઝિંકીને ખળભળાટ મચાવી રહ્યા છે** | **અમેરિકામાં અનેક ચીજ-વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા । તેમણે ભારત, ચીન સહિત અને દેશો પર ભારે ટેરિફ ઝિંક્યો છે, પરંતુ હજુ સુધી બે દેશો પર કોઈપણ ટેરિફની જાહેરાત કરી છે**

# ૯૦ દેશો ઉપર ટેરિફ ઝિંકનાર ટ્રમ્પ તાનાશાહથી ગભરાયા? હજુ સુધી ઉત્તર કોરિયાનું નામેય ન લીધું

। વોશિંગ્ટન, તા.૧૧ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિશ્વભરના અનેક દેશો પર ટેરિફ ઝિંકીને ખળભળાટ મચાવી રહ્યા છે. તેમણે જ્યારથી ટેરિફ વૉર શરૂ કરી છે, ત્યારથી અનેક દેશોના અર્થતંત્રને માઠી અસર પડી રહી છે. તેમના ટેરિફની ઉલટી અસર એવી છે કે, અમેરિકામાં અનેક ચીજ-વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. તેમણે ભારત, ચીન સહિત અને દેશો પર ભારે ટેરિફ ઝિંક્યો છે, પરંતુ હજુ સુધી બે દેશો પર કોઈપણ ટેરિફની જાહેરાત કરી છે. આ દેશ છે ઉત્તર કોરિયા અને રશિયા... ઉત્તર કોરિયા એવો દેશ છે, જે હંમેશા અમેરિકાને ધમકી આપતું અને પડકાર ફેંકતો રહ્યો છે.ટ્રમ્પે નવી ટેરિફ નીતિમાં હજુ સુધી ઉત્તર કોરિયા અને રશિયા ) જેવા બે દેશોનું નામ લીધું નથી, જ્યારે તેમણે અન્ય દેશો પર ભારેભરખમ ટેરિફ ઝિંક્યા છે. બંને દેશો પર ટેરિફ ન ઝિંકવાનું કારણ એ છે કે, બંને પર પહેલેથી જ અનેક પ્રતિબંધો અને ટેરિફ ઝિંકાયેલા છે, જેના કારણે બંને દેશો વચ્ચેનો વેપાર ન બરાબર થઈ ગયો છે. વ્હાઈટ હાઉસ પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું હતું કે, 'અમેરિકાએ ઉત્તર



કોરિયા અને રશિયા પર પ્રતિબંધો લાદેલા હોવાથી તેઓ સાથે વેપાર ન થઈ શકે, તેથી તેમના પર વધારાનો ટેરિફ ઝિંકવાની જરૂર નથી.'અનેક દેશો પર ટેરિફ ઝિંકનાર ટ્રમ્પની ચોતરફ ટીકા થઈ રહી છે. અમેરિકી લેટ-નાઈટ શો હોસ્ટ સ્ટીફન કોલબર્ટ અને જિમી ફૉલને પણ ટેરિફ મામલે ટ્રમ્પની ટીકા કરી છે. કોલબર્ટ અને ફૉલને ભારતીય ઉત્પાદનો પર ૫૦ ટકા ટેરિફ ઝિંકવા મામલે કટાક્ષ કર્યો છે. તેઓએ કહ્યું કે, ટ્રમ્પે અત્યાર સુધીમાં ૯૦ દેશો પર ટેરિફ ઝિંક્યા છે, હવે માત્ર બે જગ્યા બાકી છે - નોર્થ કોરિયા અને જેફ્રી એપ્સટીનનું ખાનગી આઈલેન્ડ 'લિટિલ સેંટ જેમ્સ'... ફૉલને ચેતવણી આપી કે, બ્રાઝિલ પર ટેરિફ ઝિંકવાથી કેળા, કેરી અને અનાનસની કિંમતોમાં ધરખમ વધારો થઈ શકે છે. તેમણે મજાકમાં કહ્યું કે, 'ત્યાં સુધી ખાદ્ય વાનગીઓ સુરક્ષિત છે, જ્યાં સુધી તમે તરબૂચ અને લાંબા ટૂથપીક્સની કિંમત વધારતા નથી.'અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિશ્વભરના અનેક દેશો પર ટેરિફ ઝિંકીને ખળભળાટ મચાવી રહ્યા છે. તેમણે જ્યારથી ટેરિફ વૉર શરૂ કરી છે, ત્યારથી અનેક દેશોના અર્થતંત્રને માઠી અસર પડી રહી છે. તેમના ટેરિફની ઉલટી અસર એવી છે કે, અમેરિકામાં અનેક ચીજ-વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. તેમણે ભારત, ચીન સહિત અને દેશો પર ભારે ટેરિફ ઝિંક્યો છે, પરંતુ હજુ સુધી બે દેશો પર કોઈપણ ટેરિફની જાહેરાત કરી છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya